સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

**WEEK 40**


[26/09/21 to 02/10/21]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)



The King of the King
કાયદો
LATEST EDITION
બંધારણ, IPC, CRPC, EVIDENCE
- 500+ પરીક્ષાલક્ષી પ્રશ્નો
- પરીક્ષાલક્ષી મહત્વની કલમોની યાદી
- કલમોની ગોખણપટ્ટી વગર ઉદાહરણ દ્વારા સમજશકિત સાથે અભ્યાસ

NOW AVAILABLE




www.iceonline.in

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial



CONTACT US :
93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**26 SEP-2021**

- દિવસ મહિમા : 26 સપ્ટેમ્બર, પરમાણુ શસ્ત્રોની સંપૂર્ણ નાબૂદી માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ ..... 02
- આસામની જુડીમા વાઈન રાઈસને GI ટેગ ..... 02
- QUESTION ANSWERS ..... 04

**27 SEP-2021**

- દિવસ મહિમા : 27 સપ્ટેમ્બર, વિશ્વ પ્રવાસન દિવસ (World Tourism Day) ..... 05
- ભારત-અમેરિકા દ્વિપક્ષીય બેઠક ..... 05
- સુશ્રી ઝુલન ગૌસ્વામીની આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કારકિર્દીમાં 600 વિકેટ પૂરી ..... 06
- QUESTION ANSWERS ..... 07

**28 SEP-2021**

- દિવસ મહિમા : 28 સપ્ટેમ્બર, (1) વિશ્વ હડકવા દિવસ (2) માહિતીની સાર્વત્રિક પહોંચ માટેનો આતંરરાષ્ટ્રીય દિવસ ..... 08
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'આયુષ્યમાન ભારત ડિજિટલ મિશન'નો પ્રારંભ કર્યો ..... 08
- સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં વડપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સંબોધન ..... 10
- QUESTION ANSWERS ..... 12

**29 SEP-2021**

- દિવસ મહિમા : 29 સપ્ટેમ્બર, (1) વિશ્વ હૃદય દિવસ (2) આંતરરાષ્ટ્રીય ખાદ્ય ખોટ અને કચરો ઘટાડવા જાગૃતિ દિવસ ..... 13
- DRDOએ આકાશ મિસાઈલના નવા સંસ્કરણ 'આકાશ પ્રાઈમ'નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ ..... 14
- ઉત્તરાખંડનું પ્રથમ પાલમેટ (Palmetum) ..... 15
- QUESTION ANSWERS ..... 16

**30 SEP-2021**

- દિવસ મહિમા : 30 સપ્ટેમ્બર, (1) આંતરરાષ્ટ્રીય અનુવાદ દિવસ (2) સપ્ટેમ્બર માસનો અંતિમ ગુરૂવાર, વિશ્વ દરિયાઈ (સમુદ્ર) દિવસ ..... 17
- ચક્રવાત ગુલાબ (Cyclone Gulab) ..... 17
- સુશ્રી નજલા બોડેન રોમધાને ટ્યૂનિશિયાના પ્રથમ મહિલા વડાપ્રધાન બન્યા ..... 19
- Right Livelihood Award- 2021 ..... 20
- QUESTION ANSWERS ..... 21

**01 OCT-2021**

- દિવસ મહિમા : 01 ઓક્ટોબર, (1) આંતરરાષ્ટ્રીય વૃધ્ધ દિવસ અથવા વિશ્વ પ્રૌઢ દિવસ અથવા આંતરરાષ્ટ્રીય વરિષ્ઠ નાગરિક દિવસ (2) વિશ્વ શાકાહાર દિન ..... 22
- ગુજરાત વિધાનસભાના પ્રથમ મહિલા અધ્યક્ષ: ડૉ. નીમાબેન આચાર્ય ..... 23
- ડિજી સક્ષમ કાર્યક્રમ (Digi Saksham Programm) ..... 25
- QUESTION ANSWERS ..... 26

**02 OCT-2021**

- દિવસ મહિમા : 2 ઓક્ટોબર, (1) મહાત્મા ગાંધી જન્મદિન (2) શ્રી લાલ બહાદુર શાસ્ત્રી જન્મદિન ..... 27
- ગ્રીન ટર્મ લોન (Green Term Loan) ..... 35
- QUESTION ANSWERS ..... 37

**ONE LINER** ..... 38

**QUESTION OF THIS WEEK** ..... 43


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 26 સપ્ટેમ્બર, પરમાણુ શસ્ત્રોની સંપૂર્ણ નાબૂદી માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ (International Day for the total Elimination of Nuclear Weapons)



સમગ્ર વિશ્વમાં દર વર્ષે 26 સપ્ટેમ્બરના રોજ 'પરમાણુ શસ્ત્રોની સંપૂર્ણ નાબૂદી માટેના આંતરરાષ્ટ્રીય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ પરમાણુ શસ્ત્રોની મહાવિનાશક અને ભયાવદ અસરથી માનવજાતિને બચાવવાનો છે.
- આથી, આ દિવસની ઉજવણી અંતર્ગત સમગ્ર વિશ્વમાં પરમાણૂ શસ્ત્રોની સંપૂર્ણ નાબૂદી માટે જાગૃતિ કેળવવામાં આવે છે.
- સમગ્ર વિશ્વમાંથી પરમાણુ શસ્ત્રોની નાબૂદી માટે 26 સપ્ટેમ્બર, 2013ના રોજ અમેરિકાના ન્યૂયોર્ક ખાતે સંયુક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બલીની હાઈ લેવલની મીટિંગનું આયોજન થયું હતું.
- આથી, આ મીટિંગની સ્મૃતિમાં દર વર્ષે 26 સપ્ટેમ્બરના રોજ આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ અંતર્ગત સંયુક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બલી દ્વારા ડિસેમ્બર, 2013 દરમિયાન આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- આ મંજૂરી બાદ વર્ષ 2014 થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આસામની જુડીમા વાઈન રાઈસને GI ટેગ

તાજેતરમાં આસામની જુડીમા (Judima) વાઈન રાઈસને GI ટેગ આપવામાં આવ્યો છે.

- આ સાથે તે પૂર્વોત્તર રાજ્યોમાં GI ટેગ મેળવનાર પ્રથમ આલ્કોહોલિક પીણું બન્યું છે.

### જુડીમા વિશે

જુડીમા એ આસામની દિમાસા આદિજાતિ દ્વારા ગ્લુટિનસ ચોખા અથવા ચીકણા ચોખામાંથી ઘરે બનાવવામાં આવતી પરંપરાગત વાઈન છે.

- સ્ટીકી રાઈસ (ચીકણા ચોખા) અને પરંપરાગત ઔષધીઓ દ્વારા બનતી આ વાઈન મીઠો ટેસ્ટ ધરાવે છે. જેને બનાવતા એક અઠવાડિયા જેટલો સમય લાગે છે.
- આ વાઈનને લાંબા સમય સુધી સંગ્રહિત કરી શકાય છે.
- યૂથ એસોસિએશન ફોર ડેવલપમેન્ટ એન્ડ એમ્પાવરમેન્ટ (YADEM) દ્વારા આ વાઈનને વૈશ્વિક માન્યતા આપવા માટે વર્ષ 2018ના અંતમાં GI ટેગ માટે અરજી કરવામાં આવી હતી.

# GI Tag

**<u>GI Tagનું</u> પૂરું નામ '<u>Geographical Indication (ભૌગોલિક સંકેત) Tag</u>' છે.**

- **GI Tag એ કોઈ વિશિષ્ટ ઓળખ ધરાવતી પ્રોડક્ટને આપવામાં આવતુ એક ચિહ્ન છે.**
- **કોઈ <u>ચોક્કસ વિસ્તાર</u>માં (ગામ, શહેર, ક્ષેત્ર, પ્રદેશમા) ઉત્પન્ન થતી અથવા તો બનાવવામાં આવતી પરંપરાગત, ઉચ્ચ ગુણવત્તા ધરાવતી અને પ્રતિષ્ઠિત પ્રોડક્ટને આ ચિહ્ન આપવામાં આવે છે.**
- **ભારતમાં સૌપ્રથમ વખત <u>પશ્ચિમ બંગાળની દાર્જીલિંગ ચા</u>ને GI Tag આપવામાં આવ્યો હતો.**
- **જ્યારે ગુજરાતમાંથી સૌપ્રથમ વખત <u>સંખેડા ફર્નિચર</u>ને આ ટેગ આપવામાં આવ્યો હતો.**
- **ભારતમાં ભૌગોલિક સંકેતોની નોંધણી '<u>Geographical Indications of Goods (Registration and Protection) Act, 1999</u>' દ્વારા નિયંત્રિત થાય છે.**
- **આ અધિનિયમ સપ્ટેમ્બર, <u>2003</u>થી અમલમાં આવ્યો હતો.**
- **આ ભૌગોલિક સંકેતની નોંધણી <u>10 વર્ષ</u>ના સમયગાળા માટે માન્ય હોય છે.**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS






1. 'પરમાણુ શસ્ત્રોની સંપૂર્ણ નાબૂદી માટેના આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 24 સપ્ટેમ્બર (B) 25 સપ્ટેમ્બર (C) 26 સપ્ટેમ્બર (D) 27 સપ્ટેમ્બર — (C)

2. તાજેતરમાં જુડીમા (Judima) વાઈન રાઈસને GI ટેગ આપવામાં આવ્યો છે.... આ જુડીમા વાઈન કયા રાજ્યની પરંપરાગત વાઈન છે ?

(A) આસામ (B) સિક્કિમ (C) મેઘાલય (D) ત્રિપુરા — (A)

3. જુડીમા (Judima) વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. જુડીમા એ આસામની દિમાસા આદિજાતિ દ્વારા ગ્લુટિન ચોખા અથવા સ્ટીકી રાઈસ (ચીકણા ચોખા) માંથી ઘરે બનાવવામાં આવતી પરંપરાગત વાઈન છે.
2. સ્ટીકી રાઈસ અને પરંપરાગત ઔષધીઓ દ્વારા બનતી આ વાઈન મીઠો ટેસ્ટ ધરાવે છે.
3. આ વાઈનને લાંબા સમય સુધી સંગ્રહિત કરી શકાય છે.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 — (D)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. ભારતમાં સૌપ્રથમ વખત કયા રાજ્યની દાર્જીલિંગ ચાને GI ટેગ આપવામાં આવ્યો છે ?

(A) આસામ (B) અરૂણાચલ પ્રદેશ (C) સિક્કિમ (D) પશ્ચિમ બંગાળ — (D)

5. ગુજરાતમાંથી સૌપ્રથમ વખત કઈ પ્રોડક્ટને GI ટેગ આપવામાં આવ્યો હતો ?

(A) કચ્છી ભરત (B) પાટણના પટોળા

(C) જામનગરની બાંધણી (D) સંખેડા ફર્નિચર — (D)

## દિવસ મહિમા : 27 સપ્ટેમ્બર, વિશ્વ પ્રવાસન દિવસ (World Tourism Day)

સમગ્ર વિશ્વમાં સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય તથા આર્થિક મૂલ્યોના પ્રસારમાં પ્રવાસનના યોગદાન અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 27 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ પ્રવાસન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 'United Nations World Tourism Organization' (UNWTO) દ્વારા 1980થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો હતો.
- વર્ષ 2021ની વિશ્વ પ્રવાસન દિવસની થીમ 'Tourism for Inclusive Growth' છે.
- UNWTO અનુસાર સમગ્ર વિશ્વમાં પ્રવાસન દ્વારા 10 ટકા નોકરીઓનું સર્જન થાય છે.

## ભારત-અમેરિકા દ્વિપક્ષીય બેઠક

તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી જો બાઈડન સાથેની તેમની પ્રથમ બેઠકમાં ભાગ લીધો હતો.

- બંને નેતાઓએ કોવિડ–19 મહામારી, આબોહવા પરિવર્તન, આર્થિક સહયોગ સહિત અનેક અગ્રતા મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.
- અગાઉ અમેરિકાના વિદેશ મંત્રીએ તેમની ભારત મુલાકાત દરમિયાન કહ્યું હતું કે 21મી સદીને આકાર આપવા માટે ભારત અને અમેરિકાની પ્રવૃત્તિઓ મહત્વની સાબિત થશે.

### દ્વિપક્ષીય બેઠકના મુખ્ય મુદ્દાઓ

ભારત–અમેરિકા વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત કરવા અને લોકશાહી, અફઘાનિસ્તાન અને ઈન્ડો–પેસેફિક ક્ષેત્ર માટે જોખમો સહિત સામાન્ય હિતના વિવિધ વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

- આ બેઠક દરમિયાન અફઘાનિસ્તાનમાં પાકિસ્તાનની ભૂમિકા અંગે ચર્ચા કરવામાં આવી હતી અને સ્વીકારવામાં આવ્યું કે આ ઘટના ક્રમને વધુ 'સાવચેત દેખરેખ'ની જરૂર છે.
- આ ઉપરાંત આતંકવાદ વિરોધી પ્રવૃત્તિઓ વિશેની પણ ચર્ચા કરવામાં આવી હતી.
- કોવિડ– 19 મહામારી દરમિયાન બંને દેશોએ એક બીજાને ખૂબ મદદરૂપ સાબિત થયા હતા.
- ભારતે અમેરિકામાં ભારતીય સમુદાયને લગતા અનેક મુદ્દાઓ ઉઠાવ્યા હતા જેમાં ભારતીય વ્યાવસાયિકોની પહોંચ અને H-1B વિઝાનો સમાવેશ થાય છે.

### ભારત-અમેરિકા સંબંધો

ભારત–અમેરિકા દ્વિપક્ષીય સંબંધો 'વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારી'માં વિકસિત થયા છે, જે વહેંચાયેલા લોકશાહી મૂલ્યો અને દ્વિપક્ષીય, પ્રાદેશિક અને વૈશ્વિક હિતોના વધતા જતા જોડાણ પર આધારિત છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- વર્ષ 2015માં બંને દેશોએ 'દિલ્હી ડિક્લેરેશન ઓફ ફ્રેન્ડશિપ'ની જાહેરાત કરી અને 'એશિયા–પ્રશાંત અને હિંદ મહાસાગર ક્ષેત્ર માટે સંયુક્ત દૃષ્ટિ' અપનાવી હતી.
- ઓક્ટોબર 2008માં દ્વિપક્ષીય નાગરિક પરમાણુ સહકાર કરાર પર હસ્તાક્ષર થયા હતા.
- PACE (પાર્ટનરશિપ ટુ એડવાન્સ ક્લીન ઉર્જા) હેઠળ એક પ્રાથમિક પહેલના રૂપમાં 'અમેરિકા ઉર્જા વિભાગ' (DOE) અને ભારત સરકારે 'સંયુક્ત ક્લીન ઉર્જા સંશોધન અને વિકાસ કેન્દ્ર' (JCERDC)ની સ્થાપના કરી છે, તે ભારત અને અમેરિકાના વૈજ્ઞાનિકો દ્વારા ક્લીન ઉર્જા નવીનતાને પ્રોત્સાહન આપવા માટે રચાયેલ છે.
- આ ઉપરાંત લીડર્સ ક્લાઈમેટ સમિટ 2021માં 'ભારત–અમેરિકા ક્લીન એનર્જી એજન્ડા 2030' ભાગીદારીની શરૂઆત કરવામાં આવી હતી.
- ભારત અને અમેરિકાએ વર્ષોથી મહત્વના સંરક્ષણ કરાર પર હસ્તાક્ષર કર્યા છે અને ચાર દેશોના ક્વાડ (ભારત, યુએસ, જાપાન અને ઓસ્ટ્રેલિયા) જોડાણને પણ ઔપચારિક બનાવ્યું છે.
- અમેરિકા ભારતનો બીજો સૌથી મોટો વેપાર ભાગીદાર છે અને ભારતના માલ અને સેવાઓની નિકાસ માટેનું મુખ્ય સ્થળ છે.
- ટાઈગર ટ્રાયમ્ફ, RED, Flag, વ્રજ પ્રહાર વગેરે ભારત અને અમેરિકા વચ્ચે યોજાતા યુધ્ધ અભ્યાસ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સુશ્રી ઝુલન ગૌસ્વામીની આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કારકિર્દીમાં 600 વિકેટ પૂરી

ભારતીય મહિલા ક્રિકેટ ટીમના અનુભવી ફાસ્ટ બોલર સુશ્રી ઝુલન ગૌસ્વામીએ તાજેતરમાં ચાલી રહેલી ઓસ્ટ્રેલિયા સામેની ત્રીજી વન–ડે મેચમાં ઈતિહાસ રચ્યો છે.

- સુશ્રી ઝુલન ગૌસ્વામી 600 વિકેટ પૂરી કરનાર વિશ્વના પ્રથમ મહિલા બોલર બની ગયા છે.
- આ ઉપરાંત તેઓ વર્તમાન ICC મહિલા વન ડે બોલરોની રેન્કિંગમાં બીજા નંબરે પણ પહોંચી ગયા છે.
- સુશ્રી ઝુલન ગૌસ્વામીનો જન્મ 25 નવેમ્બર, 1982ના રોજ પશ્ચિમ બંગાળના નાદિયા જિલ્લાના ચકદાહા ખાતે થયો હતો.
- તેઓ ભારતીય મહિલા ટીમના ભૂતપૂર્વ કેપ્ટન પણ હતા.
- તેઓ ભારતીય મહિલા ક્રિકેટ ટીમના ઓલરાઉન્ડર ખેલાડી છે.
- સુશ્રી ઝુલન ગૌસ્વામીને મળેલા પુરસ્કારો આ પ્રમાણે છે :

(1) મહિલા ક્રિકેટ ઓફ ધ યર

(2) અર્જુન એવોર્ડ (2010)

(3) પદ્મશ્રી (2012)

નોંધ : સુશ્રી ઝુલન ગૌસ્વામીએ વન ડે, ટેસ્ટ, T-20 અને ક્રિકેટના તમામ ફોર્મેટમાં આ 600 વિકેટ પૂરી કરી છે.

1. ‘વિશ્વ પ્રવાસન દિન’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 25 સપ્ટેમ્બર (B) 26 સપ્ટેમ્બર (C) 27 સપ્ટેમ્બર (D) 28 સપ્ટેમ્બર **(C)**

2. વર્ષ 2021ની ‘વિશ્વ પ્રવાસન દિન’ની થીમ શું છે ?

(A) Tourism and Human Development

(B) Tourism for Inclusive Growth

(C) Tourism and Rural Development

(D) Tourism and the Digital Transformation **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

3. તાજેતરમાં ભારત–અમેરિકા વચ્ચે દ્વિપક્ષીય બેઠક યોજાઈ હતી. આ બેઠક વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ બેઠક ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી જો બાઈડન વચ્ચેની પ્રથમ બેઠક હતી.

2. આ બેઠકમાં બંને નેતાઓએ કોવિડ– 19 મહામારી, આબોહવા પરિવર્તન, આર્થિક સહયોગ સહિત અનેક મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.

3. આ બેઠકમાં ‘ન્યુયોર્ક ઘોષણા પત્ર’ અંતર્ગત પરમાણુ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 (D) 1, 2 અને 3 **(A)**

4. તાજેતરમાં મહિલા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં કોણે 600 વિકેટ પૂરી કરી છે ?

(A) સુશ્રી એસ કુલકર્ણી (B) સુશ્રી ઝુલન ગૌસ્વામી

(C) સુશ્રી પી.એન્ટિનિયો (D) સુશ્રી એસ ગુપ્તા **(B)**

## દિવસ મહિમા : 28 સપ્ટેમ્બર, (1) વિશ્વ હડકવા દિવસ (World Rabies Day)
## (2) માહિતીની સાર્વત્રિક પહોંચ માટેનો આતંરરાષ્ટ્રીય દિવસ

### વિશ્વ હડકવા દિવસ

સમગ્ર વિશ્વમાં હડકવા અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 28 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ હડકવા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- સૌપ્રથમ વખત હડકવાની રસીની શોધ શ્રી લુઈસ પાશ્વરે કરી હતી.
- આથી શ્રી લુઈસ પાશ્વરની યાદમાં તેમની મૃત્યુતિથી 28 સપ્ટેમ્બર 'વિશ્વ હડકવા દિવસ' તરીકે ઉજવાય છે.
- શ્રી લુઈસ પાશ્વરનો જન્મ 27 ડિસેમ્બર, 1822ના રોજ ફ્રાન્સમાં થયો હતો અને ફ્રાન્સમાં જ 28 સપ્ટેમ્બર, 1895ના રોજ તેમનું નિધન થયું હતું.
- હડકવા એ પ્રાણઘાતક રોગ છે જે મધ્યસ્થ ચેતાતંત્રને અસર કરે છે. જે મોટા ભાગે બિલાડી, શીયાળ, વાંદરા અને હડકવા કુતરા કરડવાથી થાય છે.
- વિશ્વ હડકવા દિવસ 2021ની થીમ 'Rabies : Facts, not Fear' છે.

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'આયુષ્યમાન ભારત ડિજિટલ મિશન'નો પ્રારંભ કર્યો

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા 'આયુષ્યમાન ભારત ડિજિટલ મિશન' (Ayushman Bharat Digital Mission)ની શરૂઆત કરી હતી.

- આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (AB PM-JAY)ની ત્રીજી વર્ષગાંઠ નિમિત્તે નેશનલ હેલ્થ ઓથોરિટી (NHA) દ્વારા આ પહેલનો દેશવ્યાપી રોલઆઉટ કરવામાં આવ્યો હતો.
- 'આયુષ્માન ભારત' ભારતની એક મુખ્ય યોજના છે જે યુનિવર્સલ હેલ્થ કવરેજ (UHC)ના વિઝનને હાંસલ કરવા માટે રાષ્ટ્રીય આરોગ્ય નીતિ 2017ની ભલામણ મુજબ શરૂ કરવામાં આવી હતી.
- આ મિશન 'નેશનલ ડિજિટલ હેલ્થ મિશન' (NDHM) તરીકે પણ ઓળખાય છે.

### આયુષ્માન ભારત ડિજિટલ મિશન વિશે

આ મિશન હેઠળ લોકોને એક યુનિક ડિજિટલ હેલ્થ ID આપવામાં આવશે.

- આ IDમાં વ્યક્તિના તમામ આરોગ્ય રેકોર્ડ હશે.
- નોંધનીય છે કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 15 ઓગસ્ટ, 2020ના રોજ લાલ કિલ્લા પરથી નેશનલ ડિજિટલ હેલ્થ મિશનના પાયલોટ પ્રોજેક્ટની જાહેરાત કરી હતી.
- આ પાયલોટ પ્રોજેક્ટ હાલમાં તબક્કાવાર રીતે છ કેન્દ્રશાસિત પ્રદેશોમાં અમલમાં છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## મિશનની મુખ્ય વિશેષતાઓ

### હેલ્થ ID

- હેલ્થ ID દરેક નાગરિકોને આપવામાં આવશે જે તેમના આરોગ્ય ખાતા તરીકે પણ કામ કરશે.
- આ આરોગ્ય ખાતામાં દરેક ટેસ્ટ, દરેક રોગ, ડોક્ટરની નિમણૂક, લેવામાં આવેલી દવાઓ અને નિદાનની વિગતો હશે.
- હેલ્થ ID મફત અને સ્વૈચ્છિક છે.
- તે આરોગ્ય ડેટાનું વિશ્લેષણ કરવામાં મદદ કરશે અને આરોગ્ય કાર્યક્રમોનું વધુ સારું આયોજન, બજેટ અને અમલીકરણ સુનિશ્ચિત કરશે.

### આરોગ્ય સંભાળ સુવિધાઓ અને વ્યવસાયિક રજિસ્ટ્રી

- આ મિશનના અન્ય ઘટકો જેમ કે 'હેલ્થકેર પ્રોફેશનલ્સ રજિસ્ટ્રી' (HPR) અને 'હેલ્થકેર ફેસિલિટીઝ રજિસ્ટ્રી' (HFR) પણ બનાવવામાં આવ્યા છે, જેનાથી મેડિકલ પ્રોફેશનલ્સ અને હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રકચર સુધી સરળ ઈલેક્ટ્રોનિક એક્સેસની મંજૂરી મળે છે.
- HPR સારવારની આધુનિક અને પરંપરાગત દવા પધ્ધતિઓમાં આરોગ્યસંભાળ પૂરી પાડનારા તમામ હેલ્થકેર પ્રોફેશનલ્સનું વ્યાપક ડિજિટલ ભંડાર હશે.
- જ્યારે HFR ડેટાબેઝમાં દેશની તમામ આરોગ્ય સુવિધાઓનો રેકોર્ડ હશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### આયુષ્માન ભારત ડિજિટલ મિશન સેન્ડબોક્સ

- મિશનના ભાગરૂપે બનાવેલ સેન્ડબોક્સ, ટેક્નોલોજી અને પ્રોડક્ટ ટેસ્ટિંગ માટે માળખા તરીકે કામ કરશે જે સંસ્થાઓને મદદ કરશે.
- આમાં રાષ્ટ્રીય ડિજિટલ હેલ્થ ઈકોસિસ્ટમનો ભાગ બનવા ઈચ્છતા ખાનગી પ્લેયર્સનો સમાવેશ થાય છે.
- આરોગ્ય માહિતી પ્રદાતાઓ અથવા આરોગ્ય માહિતી વપરાશકર્તાઓ આયુષ્માન ભારત ડિજિટલ મિશનના બિલ્ડિંગ બ્લોક્સ સાથે કુશળતાપૂર્વક જોડાઈ શકે છે.

## અમલીકરણ એજન્સી

- આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય હેઠળ 'નેશનલ હેલ્થ ઓથોરિટી' (NHA)

## મહત્વ

- આ મિશન ડોક્ટરો અને હોસ્પિટલો તથા હેલ્થકેર પ્રોવાઈડર્સ માટે વ્યવસાયમાં સરળતાની ખાતરી કરશે.





## સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં વડપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સંબોધન



તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (United Nations General Assembly- UNGA)ના 76મા સત્રને સંબોધન કર્યુ હતું.

- આ વર્ષ માટે સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA)ની થીમ "Covid-19માંથી સ્વસ્થ થવાની આશા દ્વારા સ્થિતિસ્થાપક વલણ બનાવવું, કાયમી પુનઃ નિર્માણ, ગ્રહની જરૂરિયાતોને પ્રતિભાવ આપવો, લોકોના અધિકારોનું સન્માન કરવું અને સંયુક્ત રાષ્ટ્રને પુનર્જીવિત કરવું" છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોવિડ– 19 મહામારી, આતંકવાદનો ખતરો, આબોહવા પરિવર્તન સામે લડવા માટે ભારતની કાર્યવાહી અને મહાસાગરોમાં નેવિગેશનની સ્વતંત્રતાની રક્ષા કરવાની જરૂરિયાત જેવા વિષયો પર વાત કરી હતી.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે વિશ્વ રિગ્રેસિવ વિચાર અને ઉગ્રવાદના વધતા ખતરાનો સામનો કરી રહ્યું છે અને ઘણા દેશો 'આતંકવાદને રાજકીય સાધન' તરીકે ઉપયોગ કરી રહ્યા છે.
- આ ઉપરાંત તેમણે UNSC ઠરાવ 2593નું પાલન કરવા પર પણ ભાર આપ્યો હતો.
- તેમણે જણાવ્યું હતું કે અફઘાન ભૂમિનો આંતકવાદ પ્રવૃત્તિ માટે ઉપયોગ ન થાય તે માટે તમામ દેશોએ ધ્યાન રાખવું જરૂરી છે.

નોંધ : ઠરાવ 2593મા તાલિબાનને અફઘાનિસ્તાન છોડવા ઈચ્છતા લોકો માટે સલામત માર્ગની સગવડ કરવા, માનવતાવાદી દેશમાં પ્રવેશવા દેવા, મહિલાઓ અને બાળકો સહિતના માનવ અધિકારોને જાળવી રાખવા અને સમાવિષ્ટ અને વાટાઘાટાવાળા રાજકીય સમાધાન સુધી પહોંચવા માટે કહેવામાં આવ્યું છે.


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### સંયુક્ત રાષ્ટ્ર મહાસભા

સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (United Nations General Assembly- UNGA) સંયુક્ત રાષ્ટ્રના 6 અંગોમાનું મહત્વપૂર્ણ અંગ છે.

- તે સંયુક્ત રાષ્ટ્રના વિચાર–વિમર્શ, નીતિ નિર્માણ જેવા કાર્યો માટે જવાબદાર છે.
- સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં સંયુક્ત રાષ્ટ્રના તમામ 193 સભ્ય દેશનું પ્રતિનિધિત્વ કરવામાં આવે છે.
- દર વર્ષે સપ્ટેમ્બરમાં સંયુક્ત રાષ્ટ્રના તમામ સભ્યોની વાર્ષિક દર મહાસભાનું આયોજન ન્યુયોર્કની જનરલ એસેમ્બલીમાં થાય છે અને તેમાં સામાન્ય ચર્ચા થાય છે.
- શાંતિ અને સલામતી, નવા સભ્યોના પ્રવેશ અને બજેટ બાબતો જેવા મહત્વના પ્રશ્નો પર નિર્ણય લેવા માટે મહાસભામાં બે તૃતીયાંશ બહુમતી જરૂરી છે.
- જ્યારે અન્ય પ્રશ્નો અંગેના નિર્ણય સાદી બહુમતી દ્વારા લેવામાં આવે છે.
- મહાસભાના અધ્યક્ષની પંસદગી દર વર્ષે મહાસભા દ્વારા 1 વર્ષની મુદ્દત માટે કરવામાં આવે છે.

નોંધ : માલદીવના વિદેશમંત્રી શ્રી અબ્દુલા શાહિદ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના 76મા સત્રના અધ્યક્ષ તરીકે ચૂંટાયા હતા.




નોંધ : (1) તાજેતરમાં ભારતે ઓગસ્ટ 2021 મહિના માટે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)નું અધ્યક્ષ પદ સંભાળ્યું હતું.

(2) સુરક્ષા પરિષદના અસ્થાયી સભ્ય તરીકે ભારતનો બે વર્ષનો કાર્યકાળ 1 જાન્યુઆરી, 2021થી શરૂ થયો હતો. UNSC પર ભારતની આ આઠમી ટર્મ છે.



1. 'વિશ્વ હડકવા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 26 સપ્ટેમ્બર (B) 27 સપ્ટેમ્બર (C) 28 સપ્ટેમ્બર (D) 29 સપ્ટેમ્બર (C)

2. નીચેના પૈકી કોની મૃત્યુતિથી 'વિશ્વ હડકવા દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) શ્રી આલ્બર્ટ જોન્સ (B) શ્રી થોમસ માર્લો (C) શ્રી લુઈસ પાશ્વર (D) શ્રી આલ્બર્ટ મરે (C)

3. 'માહિતીની સાર્વત્રિક પહોંચ માટેના આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 26 સપ્ટેમ્બર (B) 27 સપ્ટેમ્બર (C) 28 સપ્ટેમ્બર (D) 29 સપ્ટેમ્બર (C)

4. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'આયુષ્માન ભારત ડિજિટલ મિશન'નો પ્રારંભ કરાવ્યો હતો. આ મિશન સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ મિશન ડિજિટલ હેલ્થ મિશન તરીકે પણ ઓળખાય છે.
2. આ મિશન હેઠળ લોકોને એક યુનિક ડિજિટલ હેલ્થ ID આપવામાં આવશે.
3. આ ડિજિટલ હેલ્થ IDમાં વ્યક્તિના તમામ આરોગ્ય રેકોર્ડ હશે.
4. આ હેલ્થ ID દરેક વ્યક્તિએ લેવું જરૂરી છે તથા આ ID માટે લાભાર્થીએ રૂ. 500 ચૂકવવા પડશે.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 4 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2, 3 અને 4 (A)

5. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના કેટલામાં સત્રને સંબોધ્યું હતું ?

(A) 73 મા (B) 74 મા (C) 75 મા (D) 76 મા (D)

6. સંયુક્ત રાષ્ટ્ર મહાસભા સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) તે સંયુક્ત રાષ્ટ્રના વિચાર–વિમર્શ, નીતિ નિર્માણ જેવા કાર્યો માટે જવાબદાર છે.

(B) દર વર્ષે સપ્ટેમ્બરમાં સંયુક્ત રાષ્ટ્રના તમામ સભ્યોની વાર્ષિક દર મહાસભાનું આયોજન ન્યુયોર્કની જનરલ એસેમ્બલીમાં થાય છે.

(C) સંયુક્ત રાષ્ટ્ર મહાસભા એ સંયુક્ત રાષ્ટ્રના 6 અંગોમાંનું મહત્વપૂર્ણ અંગ છે.

(D) ઉપરોક્ત તમામ (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**દિવસ મહિમા : 29 સપ્ટેમ્બર,**

**(1) વિશ્વ હ્રદય દિવસ (World Heart Day)**

**(2) આંતરરાષ્ટ્રીય ખાદ્ય ખોટ અને કચરો ઘટાડવા જાગૃતિ દિવસ (International Day of Awareness on Food Loss and Waste Reduction)**

## વિશ્વ હ્રદય દિવસ




સમગ્ર વિશ્વમાં હ્રદય સંબંધિત રોગો અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 29 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ હ્રદય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- વિશ્વ હ્રદય દિવસની સ્થાપના સૌપ્રથમ વર્ષ 1999માં 'વર્લ્ડ હાર્ટ ફેડરેશન'એ WHO સાથે મળીને કરી હતી.
- વર્ષ 2000માં આ દિવસની સૌપ્રથમ ઉજવણી કરવામાં આવી હતી.
- WHO દ્વારા એકત્રિત કરવામાં આવેલા આંકડા મુજબ દર વર્ષે આશરે 17.9 મિલિયન લોકો હ્રદય રોગને કારણે મૃત્યુ પામે છે.
- આ દિવસનો પ્રાથમિક ઉદ્દેશ લોકોને હ્રદય રોગ વિશે શિક્ષિત કરવાનો છે, જેથી તમાકુનો ઉપયોગ, બિન આરોગ્યપ્રદ આહાર અને શારીરિક નિષ્ક્રિયતા જેવા જોખમી પરિબળોને નિયંત્રિત કરીને હ્રદય રોગથી ઓછામાં ઓછા 80 ટકા મૃત્યુ અટકાવી શકાય.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આંતરરાષ્ટ્રીય ખાદ્ય ખોટ અને કચરો ઘટાડવા જાગૃતિ દિવસ




29 સપ્ટેમ્બરના રોજ સમગ્ર વિશ્વમાં 'આંતરરાષ્ટ્રીય ખાદ્ય ખોટ અને કચરો ઘટાડવા જાગૃતિ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ ખાદ્ય અન્નનો બગાડ અટકાવવાનો અને તેના દ્વારા તેનો કચરો ઓછો કરવાનો છે.
- આથી, સમગ્ર વિશ્વમાં ખોરાકનો બગાડ અટકાવવા જાગૃતિ ફેલાવવા માટે આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો છે.
- સપ્ટેમ્બર 2019 દરમિયાન મળેલી યુનાઈટેડ નેશન્સની 74મી જનરલ એસેમ્બલીમાં આ દિવસની મંજૂરી આપવામાં આવી હતી.
- આ અંતર્ગત વર્ષ 2020માં પ્રથમ 'આંતરરાષ્ટ્રીય ખાદ્ય ખોટ અને કચરો ઘટાડવા જાગૃતિ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.

# DRDOએ આકાશ મિસાઈલના નવા સંસ્કરણ 'આકાશ પ્રાઈમ'નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ

ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO)એ 27 સપ્ટેમ્બર, 2021ના રોજ આકાશ મિસાઈલનું નવું સંસ્કરણ 'આકાશ પ્રાઈમ'(Akash Prime)નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ હતું.

- આ મિસાઈલને ઓડિશાના ચાંદીપુરમાં ઈન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જ (ITR)થી લોન્ચ કરવામાં આવી હતી.
- પરીક્ષણ દરમિયાન આ મિસાઈલે એક માનવરહિત હવાઈ લક્ષ્યને અટકાવ્યુ અને તેનો નાશ કર્યો હતો.

## આકાશ પ્રાઈમ વિશે

તે હાલની આકાશ સિસ્ટમ કરતા સારી ચોક્કસાઈ માટે સ્વદેશી સક્રિય રેડિયો ફ્રીકવન્સીથી સજ્જ છે.

- જે સુનિશ્ચિત કરે છે કે મિસાઈલ તે લક્ષ્ય સુધી પહોંચે છે જેના પર તેને છોડવામાં આવે છે.
- ઉંચાઈ પર નીચા તાપમાનના વાતાવરણમાં વધુ વિશ્વસનીય કામગીરી લાવવા માટે અન્ય સુધારાઓ પણ આ મિસાઈલમાં કરવામાં આવ્યા છે.
- મિસાઈલ અને વ્યૂહાત્મક પ્રણાલી (Missile and Strategic System)ના અંતર્ગત અન્ય DRDOની પ્રયોગશાળાઓના સહયોગથી 'સંરક્ષણ સંશોધન અને વિકાસ પ્રયોગશાળા' (DRDL), હૈદરાબાદ દ્વારા આ મિસાઈલને વિકસાવવામાં આવી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આકાશ મિસાઈલ

આકાશ મિસાઈલ ભારતની પ્રથમ સ્વદેશી ઉત્પાદિત મધ્યમ રેન્જની સપાટીથી હવામાં (SAM) પ્રહાર કરતી મિસાઈલ છે. જે અનેક દિશાઓ, અનેક લક્ષ્યો પર પ્રહાર કરી શકે છે.

- આ મિસાઈલને મોબાઈલ પ્લેટફોર્મ દ્વારા યુધ્ધ ટેન્ક અથવા ટ્રકથી લોન્ચ કરી શકાય છે.
- આ મિસાઈલ લગભગ 90% સુધી લક્ષ્યને ટાર્ગેટ અથવા નાશ કરવાની ક્ષમતા ધરાવે છે.
- સંકલિત માર્ગદર્શિત મિસાઈલ વિકાસ કાર્યક્રમ (IGMDP)ના ભાગરૂપે 1980ના અંતમાં DRDO દ્વારા આકાશ SAM (Surface-to-Air Missile)નો વિકાસ શરૂ કરવામાં આવ્યો હતો.
- આ મિસાઈલ રડાર સિસ્ટમ સમૂહ અથવા સવાયત્ત મોડમાં બહુવિધ દિશાઓથી લક્ષ્યોની વિશાળ શ્રેણીને હિટ કરવામાં સક્ષમ છે.
- તેમાં ઈલેક્ટ્રોનિક કાઉન્ટર–કાઉન્ટર મેઝર્સ (ECCM) જેવી સુવિધાઓ છે જેનો અર્થ એ છે કે તેમાં ઓન–બોર્ડ મિકેનિઝમ્સ છે જે ડિટેક્શન સિસ્ટમની અસર ઘટાડતી ઈલેક્ટ્રોનિક સિસ્ટમનો સામનો કરી શકે છે.
- આ મિસાઈલ સ્વદેશી રીતે વિકસિત 'રાજેન્દ્ર રડાર' દ્વારા સંચાલિત છે.

- આ મિસાઈલ અવાજની ઝડપ કરતા 2.5 ગણી ઝડપથી લક્ષ્યોને હિટ કરી શકે છે અને ઓછી, મધ્યમ અને ઊંચાઈએ લક્ષ્યોને શોધી અને નાશ કરી શકે છે.
- આ મિસાઈલ ફાઈટર જેટ, ક્રુઝ મિસાઈલ્સ, એર–ટુ–સરફેસ મિસાઈલ તેમજ બેલિસ્ટિક મિસાઈલ જેવા હવાના લક્ષ્યોને તટસ્થ કરી શકે છે.

## સંકલિત માર્ગદર્શિત મિસાઈલ વિકાસ કાર્યક્રમ (IGMDP)

તેની સ્થાપનાનો વિચાર પ્રખ્યાત વૈજ્ઞાનિક ડો. એ.પી.જે અબ્દુલ કલામે આપ્યો હતો.

- તેનો ઉદ્દેશ મિસાઈલ ટેક્નોલોજીના ક્ષેત્રમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવાનો હતો.
- તેને ભારત સરકાર દ્વારા વર્ષ 1983માં મંજૂરી આપવામાં આવી હતી.
- આ કાર્યક્રમો હેઠળ વિકસિત 5 મિસાઈલો છે : પૃથ્વી, અગ્નિ, ત્રિશુલ, નાગ અને આકાશ

## ઉત્તરાખંડનું પ્રથમ પાલમેટ (Palmetum)

ઉત્તરાખંડ વન વિભાગે 26 સપ્ટેમ્બર, 2021ના રોજ ઉત્તરાખંડનું પ્રથમ પાલમેટ (અથવા પાલમેટમ)નું ઉદ્‌ઘાટન કર્યુ હતું.

- આ પાલમેટ ઉત્તરાખંડ રાજ્યના નૈનિતાલ જિલ્લાના હલ્દવાની વિસ્તારમાં વિકસાવવામાં આવ્યું છે.
- આ પાલમેટ બનાવવામાં કુલ ત્રણ વર્ષ જેટલો સમય લાગ્યો હતો. જે ત્રણ એકરના વિસ્તારમાં સ્થાપિત થયેલ છે.
- આ પાલમેટમાં 'પામ ટ્રી' (તાડનું વૃક્ષ)ની 110 થી વધુ પ્રજાતિઓ છે.
- તેનો મુખ્ય ઉદ્દેશ સંરક્ષણ અને સંશોધનને પ્રોત્સાહન આપવાના હેતુથી અને વિવિધ પામ (તાડ)ની પ્રજાતિઓના મહત્વ અને પર્યાવરણીય ભૂમિકા વિશે જાગૃતિ લાવવાનો છે.

નોંધ : (1) પાલમેટ 'પામ ટ્રી' (તાડનું વૃક્ષ)ની વિવિધ પ્રજાતિઓના સમૂહનો ઉલ્લેખ કરે છે.

(2) આ પાલમેટમાં ઉત્તરાખંડની એક સ્થાનિક તાડની પ્રજાતી પણ છે જેને 'ટ્રેચીકાર્પસ તકિલ' (તાકીલ પામ) તરીકે ઓળખવામાં આવે છે.



1. વિશ્વ હૃદય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 28 સપ્ટેમ્બર (B) 29 સપ્ટેમ્બર (C) 1 ઓક્ટોબર (D) 2 ઓક્ટોબર **(B)**

2. 'ખાદ્ય ખોટ અને કચરો ઘટાડવા માટેના આંતરરાષ્ટ્રીય જાગૃતિ દિવસ'ની ઉજવણી કયા દિવસે કરવામાં આવે છે ?

(A) 27 સપ્ટેમ્બર (B) 28 સપ્ટેમ્બર (C) 29 સપ્ટેમ્બર (D) 30 સપ્ટેમ્બરે **(C)**

3. DRDOએ તાજેતરમાં આકાશ મિસાઈલના નવા સંસ્કરણ 'આકાશ પ્રાઈમ'નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ છે ? તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ મિસાઈલ સ્વદેશી સક્રિય રેડિયો ફ્રીકવન્સીથી સજ્જ છે.
2. ઉંચાઈ પર નીચા તાપમાનના વાતાવરણમાં વધુ વિશ્વસનીય કામગીરી લાવવા માટે અન્ય સુધારાઓ પણ આ મિસાઈલમાં કરવામાં આવ્યા છે.
3. આ મિસાઈલ રશિયાના સહયોગ થી ટાટા ગ્રુપ દ્વારા વિકસાવવામાં આવી છે.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) ફક્ત 2 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 1 (D) 1, 2 અને 3 **(B)**

4. આકાશ મિસાઈલ વિશે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

1. આકાશ મિસાઈલ ભારતની પ્રથમ સ્વદેશી ઉત્પાદિત મધ્યમ રેન્જની સપાટીથી હવામાં (SAM) પ્રહાર કરતી મિસાઈલ છે.
2. આ મિસાઈલને મોબાઈલ પ્લેટફોર્મ દ્વારા યુધ્ધ ટેન્ક અથવા ટ્રક પરથી લોન્ચ કરી શકાય છે.
3. આ મિસાઈલ સ્વદેશી રીતે વિકસિત રાજેન્દ્ર રડાર દ્વારા સંચાલિત છે.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) ફક્ત 2 અને 3 (B) ફક્ત 1 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 **(D)**

5. તાજેતરમાં ઉત્તરાખંડના નૈનિતાલમા પાલમેટ (Palmetum)નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં 'પામ ટ્રી'ની ________ પ્રજાતિઓ આવેલી છે.

(A) 110 (B) 160 (C) 170 (D) 130 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 30 સપ્ટેમ્બર,

(1) આંતરરાષ્ટ્રીય અનુવાદ દિવસ (International Translation Day)

(2) સપ્ટેમ્બર માસનો અંતિમ ગુરૂવાર, વિશ્વ દરિયાઇ (સમુદ્ર) દિવસ (World maritime Day)

### વિશ્વ દરિયાઇ દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે સપ્ટેમ્બર મહિનાનો અંતિમ ગુરૂવાર 'વિશ્વ દરિયાઈ દિવસ' અથવા તો 'વિશ્વ સમુદ્ર દિવસ' તરીકે ઉજવાય છે.

- આ અંતર્ગત વર્ષ 2021માં 30 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ દરિયાઈ દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે.
- આ દિવસની ઉજવણીનો પ્રારંભ વર્ષ 1978થી થયો હતો.
- વર્ષ 2021ના 'વિશ્વ દરિયાઈ દિવસ'ની થીમ "Seafarers at the core of Shipping's Future" છે.

## ચક્રવાત ગુલાબ (Cyclone Gulab)

તાજેતરમાં ચક્રવાત ગુલાબ (Cyclone Gulab) ભારતના પૂર્વ કિનારે આંધ્રપ્રદેશ અને ઓડિશા પર ત્રાટક્યું હતું.

- આ ચક્રવાતની અસર ઝારખંડ, છત્તીસગઢ અને મધ્યપ્રદેશમાં પણ થઈ હતી.

### ગુલાબ ચક્રવાતનું નામકરણ

ગુલાબ (Gulab) ચક્રવાતનું નામ પાકિસ્તાન દ્વારા આપવામાં આવ્યું છે.

- ગુલાબને ગુલ–આબ તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ગુલાબ બંગાળની ખાડીમાં ઉદ્ભવેલું ઉષ્ણકટિબંધિય ચક્રવાત હતું.
- ઉષ્ણકટિબંધીય ચક્રવાત સામાન્ય રીતે ઉત્તર હિંદ મહાસાગર ક્ષેત્ર (બંગાળની ખાડી અને અરબી સમુદ્ર)માં ચોમાસા પૂર્વે (એપ્રિલ થી જૂન) અને ચોમાસા પછીના સમયગાળો (ઓક્ટોબર થી ડિસેમ્બર) દરમિયાન વિકસે છે. જે ભારતીય દરિયા કિનારાને વધારે નુકસાન કરે છે.

### વર્ગીકરણ

ચક્રવાત ગુલાબને ચક્રવાતની ગંભીર કેટેગરીમાં રાખવામાં આવ્યું છે.

- ભારતીય હવામાન વિભાગ (IMD) ચક્રવાતને તેમની મહત્તમ સ્થિર પવનની ગતિ (Maximum Sustained Surface wind Speed-MSW)ના આધારે વર્ગીકૃત કરે છે.
- હવાની ગતીના આધારે IMD અનુસાર ચક્રવાતનું વર્ગીકરણ આ પ્રમાણે કરવામાં આવે છે :

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| ક્રમ | કેટેગરી | હવાની એવરેજ ઝડપ (કિમી/કલાકમાં) |
|---|---|---|
| 1 | લો. પ્રેશર | 31 થી ઓછી |
| 2 | ડિપ્રેશન | 31 થી 49 |
| 3 | ડીપ ડિપ્રેશન | 50 થી 61 |
| 4 | ચક્રવાતી તોફાન | 62 થી 88 |
| 5 | ગંભીર ચક્રવાતી તોફાન | 89 થી 117 |
| 6 | ખૂબ ગંભીર ચક્રવાતી તોફાન | 118 થી 167 |
| 7 | અત્યંત ગંભીર ચક્રવાતી તોફાન | 168 થી 221 |
| 8 | સુપર ચક્રવાતી તોફાન | 222 થી વધુ |

## ચક્રવાતનું નામકરણ કઈ રીતે થાય છે ?

ચક્રવાતની ભવિષ્યવાણી, ચેતવણી અને પૂર્વાનુંમાનમાં વિવિધ સરકારી એજન્સી અને સામાન્ય લોકો વચ્ચે કોમ્યુનિકેશનમાં સરળતા રહે એ માટે ચક્રવાતનું નામકરણ કરવામાં આવે છે.

- ઉષ્ણકટિબંધીય ચક્રવાતોને આ માટે વિવિધ ચેતવણી કેન્દ્રો દ્વારા નામ આપવામાં આવે છે.
- આ નામ આપવા માટે અગાઉથી જ એક લિસ્ટ બનાવવામાં આવ્યું હોય છે. અને આ લિસ્ટ પ્રમાણે જ તે ચક્રવાતને ક્રમશ : નામ આપવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઉત્તર હિંદ મહાસાગરમાં ચક્રવાતના નામ

45° પૂ. થી 100° પૂ. વચ્ચેના ઉત્તર હિંદ મહાસાગરના ઉષ્ણકટિબંધીય ચક્રવાતના નામ ભારત મૌસમ વિભાગ (India Meteorologycal Department (IMD)/ RSMC, નવી દિલ્હી દ્વારા)આપવામાં આવે છે.

- આ માટે બાંગ્લાદેશ, ભારત, માલદીવ, મ્યાનમાર, ઓમાન, પાકિસ્તાન, શ્રીલંકા, થાઈલેન્ડ, ઈરાન, કતાર, સાઉદી અરેબિયા અને યુ.એ.ઈ દ્વારા સૂચિત નામોનું એક લિસ્ટ બનાવવામાં આવે છે.
- આ લિસ્ટમાંથી ઉત્તર હિંદ મહાસાગરમાં ઉદ્ભવતા ચક્રવાતને ક્રમશ : નામ આપવામાં આવે છે.
- તાજેતરમાં ઉદ્ભવેલ ચક્રવાત ગુલાબનું નામ પાકિસ્તાન દ્વારા સુચિત કરવામાં આવ્યું હતું.




**Table 1.13: New list of tropical cyclone names adopted by WMO/ESCAP Panel Member Countries in April 2020 for naming of tropical cyclones over North Indian Ocean including Bay of Bengal and Arabian Sea (First name was used in June, 2020)**

| WMO/ESCAP Panel Member countries | Column 1 | | Column 2 | | Column 3 | | Column 4 | |
|---|---|---|---|---|---|---|---|---|
| | Name | Pron' | Name | Pron' | Name | Pron' | Name | Pron' |
| Bangladesh | Nisarga | Nisarga | Biparjoy | Biporjoy | Arnab | Ornab | Upakul | Upokul |
| India | Gati | Gati | Tej | Tej | Murasu | Murasu | Aag | Aag |
| Iran | Nivar | Nivar | Hamoon | Hamoon | Akvan | Akvan | Sepand | Sepand |
| Maldives | Burevi | Burevi | Midhili | Midhili | Kaani | Kaani | Odi | Odi |
| Myanmar | Tauktae | Tau'Te | Michaung | Migjaum | Ngamann | Ngaman | Kyarthit | Kjathi |
| Oman | Yaas | Yass | Remal | Re-Mal | Sail | Sail | Naseem | Naseem |
| ✓ Pakistan | Gulab | Gul-Aab | Asna | As-Na | Sahab | Sa-Hab | Afshan | Af-Shan |
| Qatar | Shaheen | Shaheen | Dana | Dana | Lulu | Lulu | Mouj | Mouj |
| Saudi Arabia | Jawad | Jowad | Fengal | Feinjal | Ghazeer | Razeer | Asif | Aasif |
| Sri Lanka | Asani | Asani | Shakhti | Shakhti | Gigum | Gigum | Gagana | Gagana |
| Thailand | Sitrang | Si-Trang | Montha | Mon-Tha | Thianyot | Thian-Yot | Bulan | Bu-Lan |
| United Arab Emirates | Mandous | Man-Dous | Senyar | Sen-Yaar | Afoor | Aa-Foor | Nahhaam | Nah-Haam |
| Yemen | Mocha | Mokha | Ditwah | Ditwah | Diksam | Diksam | Sira | Sira |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સુશ્રી નજલા બોડેન રોમધાને ટ્યૂનિશિયાના પ્રથમ મહિલા વડાપ્રધાન બન્યા



સુશ્રી નજલા બોડેન રોમધાને (Najla Bouden Romdhane) 29 સપ્ટેમ્બર, 2021ના રોજ ટ્યૂનિશિયાના પ્રથમ મહિલા વડાપ્રધાન બન્યા છે.

- ટ્યૂનિશિયાના રાષ્ટ્રપતિ શ્રી કૈસ સૈયદે વડાપ્રધાન તરીકે તેમનું નામ આપ્યું હતું.
- સુશ્રી નજલા બોડેન રોમધાને ટ્યૂનિશિયામાં નેશનલ સ્કૂલ ઓફ એન્જિનિયર્સમાં ભૂસ્તર શાસ્ત્રના પ્રોફેસર છે.
- તેમનો જન્મ વર્ષ 1958માં ટ્યૂનિશિયામાં મધ્ય કેરોઉન પ્રાંતમાં થયો હતો.
- વડાપ્રધાન તરીકે નિમણૂક કરતા પહેલા તેમને ઉચ્ચ શિક્ષણ અને વૈજ્ઞાનિક સંશોધન મંત્રાલય દ્વારા વિશ્વ બેંક સાથે કાર્યક્રમો અમલમાં મુકવાની જવાબદારી સોંપવામાં આવી હતી.

- વર્ષ 2011માં તેમણે ઉચ્ચ શિક્ષણ મંત્રાલયમાં ગુણવત્તાના પ્રભારી મહાનિર્દેશક તરીકે કામ કર્યુ હતું.
- ટ્યૂનિશિયા ઉત્તર આફ્રિકાનો એક દેશ છે, જે અલ્જેરિયા અને લિબિયા વચ્ચે ભૂમધ્ય સમુદ્રની સરહદ પર સ્થિત છે.

## Right Livelihood Award- 2021

'રાઈટ લાઈવલીહુડ એવોર્ડ, 2021' દિલ્હી સ્થિત પર્યાવરણીય સંસ્થા 'લીગલ ઈનિશિયેટિવ ફોર ફોરેસ્ટ એન્ડ એન્વાયરમેન્ટ' (LIFE)ને આપવામાં આવ્યો છે.

- LIFEને નબળા સમુદાયોની આજીવિકાનું રક્ષણ કરવા અને સ્વચ્છ પર્યાવરણના અધિકારોનો દાવો કરવા માટેના મૂળભૂત અભિગમ માટે આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.
- વર્ષ 2021ના અન્ય પુરસ્કાર વિજેતા નીચે મુજબ છે :

(1) કેમરૂનના મહિલા અધિકાર કાર્યકર્તા સુશ્રી માર્થે વાન્ડો

(2) રશિયાના પર્યાવરણ કાર્યકર શ્રી વ્લાદીમીર સ્લીવ્યાપક

(3) કેનેડિયન સ્વદેશી અધિકારોના રક્ષક શ્રી ફ્રેડા હ્યુસન

### Right Livelihood Award


રાઈટ લાઈવલીહુડ એવોર્ડની સ્થાપના શ્રી ઓલે વોન યુક્સકુલ દ્વારા કરવામાં આવી હતી.

- આ એવોર્ડ એવા લોકોને આપવામાં આવે છે જે વૈશ્વિક સમસ્યાનો હલ કરે છે.
- આ એવોર્ડ વિજેતાને 1 મિલિયન સ્વીડિશ ક્રાઉન રોકડ પુરસ્કાર આપવામાં આવે છે.
- એવોર્ડ વિજેતાઓની પંસદગી સ્ટોકહોમ સ્થિત રાઈટ લાઈવલી હુડની જૂરી દ્વારા કરવામાં આવે છે.
- આ એવોર્ડને 'સ્વીડનનો વૈકલ્પિક નોબેલ પુરસ્કાર' તરીકે પણ ઓળખવામાં આવે છે.

નોંધ : (1) LIFE ની સ્થાપના વર્ષ 2005માં વકીલ શ્રી ઋત્વિક દત્તા અને શ્રી રાહુલે કરી હતી.

(2) તે ભારતના સૌથી મહત્વપૂર્ણ પર્યાવરણીય ખતરાઓ સામે લડી રહ્યું છે.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'આંતરરાષ્ટ્રીય અનુવાદ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 28 સપ્ટેમ્બર (B) 29 સપ્ટેમ્બર (C) 30 સપ્ટેમ્બર (D) 1 ઓક્ટોબર **(C)**

2. 'વિશ્વ દરિયાઈ દિવસ' અથવા તો 'World Maritime Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 23 સપ્ટેમ્બર (B) સપ્ટેમ્બર મહિનાનો અંતિમ રવિવાર

(C) 24 સપ્ટેમ્બર (D) સપ્ટેમ્બર મહિનાનો અંતિમ ગુરૂવાર **(D)**

3. વર્ષ 2021માં કયા દિવસે 'વિશ્વ દરિયાઈ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી ?

(A) 30 સપ્ટેમ્બર (B) 29 સપ્ટેમ્બર (C) 28 સપ્ટેમ્બર (D) 27 સપ્ટેમ્બર **(A)**

4. તાજેતરમાં ભારતના પૂર્વ કિનારે ચક્રવાત 'ગુલાબ' ત્રાટક્યુ હતું. આ ચક્રવાત ગુલાબનું નામ કયા દેશે આપ્યું હતું ?

(A) પાકિસ્તાન (B) બાંગ્લાદેશ (C) મ્યાનમાર (D) કતાર **(A)**

5. સુશ્રી નજલા બોડેન રોમધાને કયા દેશના પ્રથમ મહિલા વડાપ્રધાન બન્યા છે ?

(A) નાઈઝેરિયા (B) ઈથિપિયા (C) ટ્યૂનિશિયા (D) ઈજિપ્ત **(C)**

6. Right Livehood Awards- 2021 દિલ્હી સ્થિત કઈ પર્યાવરણીય સંસ્થાને એનાયત થયો છે ?

(A) સેન્ટ્રલ ફોર એન્વાયરમેન્ટલ પ્લાનિંગ એન્ડ ટેકનોલોજી (CEPT)

(B) લીગલ ઈનિશિયેટિવ ફોર ફોરેસ્ટ એન્ડ એન્વાયરમેન્ટ (LIFE)

(C) સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયરમેન્ટ (CSE)

(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 01 ઓક્ટોબર, (1) આંતરરાષ્ટ્રીય વૃધ્ધ દિવસ અથવા
## વિશ્વ પ્રોઢ દિવસ અથવા
## આંતરરાષ્ટ્રીય વરિષ્ઠ નાગરિક દિવસ
## (International Day of Older Persons)
## (2) વિશ્વ શાકાહાર દિન
## (World Vegetarian Day)

### આંતરરાષ્ટ્રીય વૃધ્ધ દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 1 ઓક્ટોબરના રોજ 'આંતરરાષ્ટ્રીય વૃધ્ધ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આંતરરાષ્ટ્રીય વૃધ્ધ દિવસને 'વિશ્વ પ્રોઢ દિવસ' અથવા 'આંતરરાષ્ટ્રીય વરિષ્ઠ નાગરિક દિવસ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- વૃધ્ધ લોકો સાથે થતા અન્યાયનો અંત લાવવાના ઉદ્દેશથી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- વૃધ્ધોની સેવા અને રક્ષણ માટે ભારતમાં ઘણા કાયદા અને નિયમો બનાવવામાં આવ્યા છે.
- વિશ્વ વૃધ્ધ દિવસ 2021ની થીમ 'Digital Equity for all Ages' છે.

### વરિષ્ઠ નાગરિકો માટે 'SACRED' પોર્ટલ

રોજગારની તકો શોધી રહેલા વરિષ્ઠ નાગરિકોને રોજગારી પૂરી પાડવા માટે સરકારે પોતાના પ્રથમ પ્રયાસમાં ઓનલાઈન રોજગાર વિનિમય પ્લેટફોર્મ રજૂ કર્યુ છે.

- સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય દ્વારા વિકસિત આ પોર્ટલનું નામ 'વરિષ્ઠ સક્ષમ નાગરિકો માટે પુનઃ રોજગારમાં ગૌરવ' (SACRED) છે.
- 60 વર્ષથી વધુ ઉંમરના નાગરિકો આ પોર્ટલ પર નોંધણી કરાવી શકે છે અને રોજગાર તથા કામની તકો માટે અરજી કરી શકે છે.
- રોજગાર પોર્ટલ માત્ર રોજગાર મેળવવા માંગતા વરિષ્ઠ નાગરિકોને જ નહીં, પરંતુ નોકરીદાતાઓ, સ્વસહાય જૂથો, કુશળતા શોધતા વરિષ્ઠ નાગરિકો અને અન્ય એજન્સિઓ અથવા વ્યક્તિઓને પણ સેવા આપશે.
- આ પોર્ટલને 'સિનિયર સિટિજન્સ માટે સ્ટાર્ટઅપ્સ પર સશક્ત નિષ્ણાત સમિતિ' (EEC)ના અહેવાલની ભલામણો પર આકાર આપવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ગુજરાત વિધાનસભાના પ્રથમ મહિલા અધ્યક્ષઃ ડૉ. નીમાબેન આચાર્ય



તાજેતરમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે ડૉ. નીમાબેન આચાર્યની નિમણૂક કરવામાં આવી છે.

- ડૉ. નીમાબેન આચાર્યની સર્વાનુમતે એટલે કે બિનહરીફ વરણી થઈ છે.
- નોંધનીય છે કે ડૉ. નીમાબેન આચાર્ય ગુજરાત વિધાનસભાના પ્રથમ મહિલા અધ્યક્ષ (સ્પીકર) બન્યા છે.

### પૃષ્ઠભૂમિ

તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી પદેથી શ્રી વિજયભાઈ રૂપાણી સહિત સમગ્ર મંત્રી મંડળે રાજીનામું આપ્યું હતું.

- ત્યારબાદ ગુજરાતના મુખ્યમંત્રી પદે શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની નિમણૂક કરવામાં આવી હતી.
- શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નવા મંત્રી મંડળમાં ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ શ્રી રાજેન્દ્ર ત્રિવેદીનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.
- આથી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી ગુજરાતના કેબિનેટ મંત્રી બનતા ગુજરાત વિધાનસભાનું અધ્યક્ષ પદ ખાલી પડ્યું હતું.

### ઉપાધ્યક્ષ

ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે શ્રી જેઠાભાઈ ભરવાડની નિમણૂક કરવામાં આવી છે.

### ડૉ. નીમાબેન આચાર્ય

ડૉ. નીમાબેન આચાર્યનો જન્મ 12 ડિસેમ્બર, 1947ના રોજ સુરેન્દ્રનગરના નાગ્નેશ ખાતે થયો હતો.

- ડૉ. નીમાબેન આચાર્ય ભૂજ મતવિસ્તારના ધારાસભ્ય છે.
- ડૉ.નીમાબેન આચાર્ય ભારતીય જનતા પાર્ટી સાથે સંકળાયેલા છે.
- તેઓ વર્ષ 1995માં સૌપ્રથમ ધારાસભ્ય બન્યા હતા.

### વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ વિશે બંધારણીય જોગવાઈ

ભારતીય બંધારણના અનુચ્છેદ 178મા વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની નિમણૂક અંગેની જોગવાઈ કરવામાં આવી છે.

- રાજ્ય વિધાનસભાના સભ્યો પોતાનામાંથી કોઈ એક સભ્યને ગૃહના અધ્યક્ષ અને એક સભ્યને ઉપાધ્યક્ષ તરીકે બહુમતી દ્વારા ચૂંટે છે.

### શપથ

વિધાનસભાના અધ્યક્ષ કે ઉપાધ્યક્ષે હોદ્દાના શપથ લેવાના હોતા નથી, કારણ કે તેમણે ગૃહના સભ્ય તરીકે શપથ ગ્રહણ કર્યા હોય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પગાર અને ભથ્થા

- વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના પગાર અને ભથ્થા રાજ્ય વિધાનમંડળ દ્વારા નક્કી કરવામાં આવે છે.
- અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના પગાર રાજ્યની સંચિત નીધિ (Consolidated Fund)માંથી આપવામાં આવે છે. તે રાજ્ય સંચિત નીધિ પર ભારીત ખર્ચ ગણાય છે.

## રાજીનામુ

અધ્યક્ષ સ્વેચ્છાએ પોતાનું રાજીનામું ઉપાધ્યક્ષને આપે છે અને ઉપાધ્યક્ષ સ્વેચ્છાએ પોતાનું રાજીનામું અધ્યક્ષને આપે છે.

## વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના પદ ખાલી પડવાના સંજોગો

- ભારતીય બંધારણના અનુચ્છેદ 179 મુજબ નીચેના સંજોગોમાં વિધાનસભાના અધ્યક્ષ કે ઉપાધ્યક્ષનું પદ ખાલી પડે છે.

**અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના પદ ખાલી પડવાના સંજોગો :**

જો અધ્યક્ષ કે ઉપાધ્યક્ષ સ્વેચ્છાએ પોતાનું રાજીનામું આપે.

જો અધ્યક્ષ કે ઉપાધ્યક્ષ વિધાનસભામાં સભ્યપદ ગુમાવે.

જો ગૃહના સભ્યો 14 દિવસ અગાઉ નોટિસ આપી અધ્યક્ષ કે ઉપાધ્યક્ષને હોદ્દા પરથી દૂર કરવાનો ઠરાવ વાસ્તવિક બહુમતીથી પસાર કરે તો તેવા સંજોગોમાં અધ્યક્ષ કે ઉપાધ્યક્ષે પોતાનું પદ છોડવું પડે છે.

નોંધ : જ્યારે અધ્યક્ષ કે ઉપાધ્યક્ષ સામે આવા ઠરાવ અંગે ગૃહમાં કાર્યવાહી કરવાની હોય ત્યારે અધ્યક્ષ કે ઉપાધ્યક્ષ ગૃહની અધ્યક્ષતા કરી શકતા નથી. પરંતુ આ કાર્યવાહી દરમિયાન તેમને બોલવાની અને સામાન્ય સભ્ય તરીકે મત આપવાની પણ સત્તા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના કાર્યો અને સત્તાઓ :

- ભારતીય બંધારણના અનુચ્છેદ 180 અનુસાર વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના કાર્યો તેમજ સત્તાઓ નીચે મુજબ છે :
- અધ્યક્ષ/ઉપાધ્યક્ષ ગૃહ(વિધાનસભા)નું સંચાલન કરે છે અને ગૃહની વ્યવસ્થા જાળવે છે.
- અધ્યક્ષ/ઉપાધ્યક્ષ ગૃહમાં સભ્યોને ભાષણ આપવાની પરવાનગી આપે છે અને તે માટેનો સમય પણ નિર્ધારિત કરે છે.
- વિધાનસભા દ્વારા નીમવામાં આવતી સમિતિના અધ્યક્ષની નિમણૂક કરે છે અને મહત્ત્વની સમિતિમાં પોતે પણ અધ્યક્ષ સ્થાન ગ્રહણ કરે છે.
- બંધારણની અનુસૂચિ 10 અંતર્ગત ગૃહના કોઈ સભ્ય વિરુદ્ધ પક્ષ પલટાની ફરિયાદ આવે તો તે અંગેનો અંતિમ નિર્ણય વિધાનસભાના અધ્યક્ષનો રહે છે.

- સામાન્ય સંજોગોમાં અધ્યક્ષ/ઉપાધ્યક્ષ ગૃહની કાર્યવાહીમાં મત આપી શકતા નથી, પરંતુ જ્યારે કોઈ ઠરાવ પર મતભેદ ઊભો થાય ત્યારે તેઓ 'નિર્ણાયક મત' આપી શકે છે.
- અધ્યક્ષ ગૃહના સભ્યોમાંથી એક નામાવલિ (Panel)ની રચના કરે છે. અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ગેરહાજરીમાં આ નામાવલિમાંથી કોઈ પણ સભ્ય વિધાનસભાની અધ્યક્ષતા કરી શકે છે. જ્યારે તેમાંથી કોઈ અધ્યક્ષ બને ત્યારે તેમને અધ્યક્ષ જેટલી જ સત્તાઓ મળે છે.
- **વિધાનસભામાં કોરમ :** વિધાનસભામાં કોરમ (ગણપૂર્તિ) માટે ગૃહની કુલ સભ્ય સંખ્યાના 1/10 સભ્યો અથવા ઓછામાં ઓછા 10 સભ્યોની હાજરી બેમાંથી જે વધારે હોય તેટલી જરૂરી છે. જો આ શરત મુજબની સભ્યસંખ્યા ન થાય તો અધ્યક્ષ ગૃહની કાર્યવાહીની મંજૂરી આપતા નથી.

નોંધ : (1) ગુજરાત વિધાનસભાના પ્રથમ અધ્યક્ષ શ્રી કલ્યાણજી વી મહેતા હતા.

(2) ગુજરાત વિધાનસભાના પ્રથમ કાર્યકારી અધ્યક્ષ શ્રી મનુભાઈ પાલખીવાળા હતા.

## ડિજી સક્ષમ કાર્યક્રમ (Digi Saksham Programm)

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવે 30 સપ્ટેમ્બર, 2021ના રોજ 'ડિજી સક્ષમ કાર્યક્રમ' શરૂ કર્યો છે.

- આ ડિજિટલ કૌશલ કાર્યક્રમ યુવાનોની ડિજિટલ કુશળતામાં સુધારો કરીને રોજગારી વધારવાના હેતુથી શરૂ કરવામાં આવ્યો છે.
- 'ડિજી સક્ષમ' માઈક્રોસોફ્ટ ઈન્ડિયા તથા શ્રમ અને રોજગાર મંત્રાલયની સંયુક્ત પહેલ છે.
- આ સંયુક્ત પહેલ ગ્રામીણ અને અર્ધ–શહેરી વિસ્તારોના યુવાનોને પ્રોત્સાહીત કરવા માટે સરકાર દ્વારા ચલાવવામાં આવતા કાર્યક્રમોનું વિસ્તરણ છે.

### ડિજી સક્ષમ કાર્યક્રમ વિશે

ડિજી સક્ષમ પહેલ દ્વારા પ્રથમ વર્ષમાં 3 લાખથી વધુ યુવાનોને પ્રથમ વર્ષમાં મૂળભૂત કુશળતા સાથે અદ્યતન કમ્પ્યુટિંગ સહિત ડિજિટલ કુશળતાની મફત તાલિમ આપવામાં આવશે.

- આ તાલીમ કાર્યક્રમ નેશન કેરિયર સર્વિસ (NCS) પોર્ટલ દ્વારા મેળવી શકાય છે.
- આ પહેલ વંચિત સમુદાયો સંબંધિત અર્ધ–શહેરી વિસ્તારોમાંથી નોકરી શોધનારાઓને પ્રાથમિકતા આપવામાં આવશે, જેમાં કોવિડ– 19 મહામારીને કારણે નોકરી ગુમાવનારાઓનો પણ સમાવેશ થાય છે.
- આ કાર્યક્રમ 'આગા ખાન રૂરલ સપોર્ટ પ્રોગ્રામ ઈન્ડિયા' (AKRSP-I) દ્વારા ક્ષત્રમાં લાગુ કરવામાં આવશે.
- આ પહેલ અંતર્ગત જાવા સ્ક્રિપ્ટ, ડેટા વિઝ્યુલાઈઝેશન, પાવર BI , HTML, એડવાન્સ એકસેલ, સોફ્ટવેર ડેવલપમેન્ટ ફંડામેન્ટલ્સ, પ્રોગ્રામિંગ લેંગ્વેજ, કોર્ડિંગનો પરિચય વગેરે ક્ષેત્રોમાં તાલિમ આપવામાં આવશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## FRIDAY Questions

1. 'આંતરરાષ્ટ્રીય વૃધ્ધ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 1 ઓક્ટોબર (B) 2 ઓક્ટોબર (C) 3 ઓક્ટોબર (D) 4 ઓક્ટોબર **(A)**

2. 'વિશ્વ શાકાહાર દિવસ' તરીકે કયો દિવસ ઉજવવામાં આવે છે ?

(A) 1 ઓક્ટોબર (B) 2 ઓક્ટોબર (C) 3 ઓક્ટોબર (D) 4 ઓક્ટોબર **(A)**

3. ગુજરાત વિધાનસભાના વર્તમાન અધ્યક્ષ કોણ છે ?

(A) શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (B) સુશ્રી સુમનબેન ચૌહણ

(C) શ્રી રમણલાલ વોરા (D) સુશ્રી નીમાબેન આચાર્ય **(D)**

4. ગુજરાત વિધાનસભાના પ્રથમ મહિલા અધ્યક્ષનું નામ જણાવો ?

(A) સુશ્રી સંતોકબેન રાઠવા (B) સુશ્રી નીમાબેન આચાર્ય

(C) સુશ્રી આનંદીબેન પટેલ (D) સુશ્રી સુમનબેન ચૌહાણ **(B)**

5. ભારતીય બંધારણના કયા અનુચ્છેદમાં વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની નિમણૂક કરવા અંગેની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) અનુચ્છેદ– 243 (B) અનુચ્છેદ– 249 (C) અનુચ્છેદ– 178 (D) અનુચ્છેદ– 196 **(C)**

6. ડિજી સક્ષમ કાર્યક્રમ (Digi Saksham Programm) સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ ડિજિટલ કૌશલ કાર્યક્રમ યુવાનોની ડિજિટલ કુશળતામાં સુધારો કરીને રોજગારી વધારવાના હેતુથી શરૂ કરવામાં આવ્યો છે.
2. તે માઈક્રોસોફટ ઈન્ડિયા તથા શ્રમ અને રોજગાર મંત્રાલયની સંયુક્ત પહેલ છે.
3. આ સંયુક્ત પહેલ ગ્રામિણ અને અર્ધ–શહેરી વિસ્તારોના યુવનનોને પ્રોત્સાહિત કરવા માટે સરકાર દ્વારા ચલાવવામાં આવતા કાર્યક્રમોનું વિસ્તરણ છે.
4. આ કાર્યક્રમનું અમલીકરણ NTPCML દ્વારા કરવામાં આવશે.


યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 2 અને 3 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 **(B)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# દિવસ મહિમા : 2 ઓક્ટોબર,
## (1) મહાત્મા ગાંધી જન્મદિન (વિશ્વ અહિંસા દિન)
## (2) શ્રી લાલ બહાદુર શાસ્ત્રી જન્મદિન

### શ્રી લાલ બહાદુર શાસ્ત્રી



**શ્રી લાલ બહાદુર શાસ્ત્રી** ભારતના **બીજા વડાપ્રધાન** હતા. ભારતના બીજા વડાપ્રધાન તરીકે તેમણે 9 જૂન 1964થી 11 જાન્યુઆરી, 1966 દરમિયાન સેવા આપી હતી.

- તેમનો જન્મ 2 ઓક્ટોબર, 1904ના રોજ ઉત્તરપ્રદેશના મુગલસરાયમાં થયો હતો.
- **'જય જવાન, જય કિસાન'**નો નારો આપનાર શ્રી લાલ બહાદુર શાસ્ત્રી જ્યારે ઉત્તરપ્રદેશના પરિવહન મંત્રી હતા ત્યારે તેમણે બસ-કંડક્ટરના પદ પર ભારતમાં પ્રથમવાર મહિલાને નિયુક્ત કરીને નવો ચીલો ચાતર્યો હતો.
- ત્યારબાદ ગૃહવિભાગના મંત્રી તરીકે તેમણે લાઠીચાર્જની જગ્યાએ (ફૂલ પ્રેશરથી) પાણી છાંટવાનો પ્રયોગ કરી તેનો પ્રારંભ કરાવ્યો હતો.
- તેઓ જ્યારે ભારતના વડાપ્રધાન હતા ત્યારે 1965માં ભારત-પાકિસ્તાન યુદ્ધ થયું હતું. જેમાં પાકિસ્તાનની શરમજનક હાર થઈ હતી.
- આ યુદ્ધ સમાપ્ત થયા બાદ 11 જાન્યુઆરી, 1966ના રોજ ઉઝબેકિસ્તાનની રાજધાની તાશ્કંદ ખાતે ભારતના વડાપ્રધાન શ્રી લાલ બહાદુર શાસ્ત્રી અને પાકિસ્તાનના રાષ્ટ્રપતિ શ્રી અયૂબ ખાન વચ્ચે એક કરાર પર હસ્તાક્ષર થયા.
- આ કરાર **'તાશ્કંદ કરાર'** તરીકે ઓળખાય છે.
- જે દિવસે 'તાશ્કંદ કરાર' થયા એ જ દિવસે એટલે 11 જાન્યુઆરી, 1966ની રાત્રે તાશ્કંદ ખાતે જ શ્રી લાલબહાદુર શાસ્ત્રીનું રહસ્યમય સંજોગોમાં નિધન થયું હતું.
- જોકે, તેમનું મૃત્યુનું સત્તાવાર કારણ હાર્ટએટેક ગણાવવામાં આવ્યું છે.
- નવી દિલ્હી ખાતે આવેલું તેમનું સમાધિ સ્થળ **'વિજયઘાટ'** તરીકે ઓળખાય છે.
- વર્ષ 1966માં તેમને સૌપ્રથમ વખત મરણોપરાંત ભારતના સર્વોચ્ચ સન્માન **'ભારત રત્ન'**થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વિશ્વ અહિંસા દિન



મહાત્મા ગાંધીજીનો જન્મદિવસ 2 ઓક્ટોબર દર વર્ષે સમગ્ર વિશ્વમાં **'વિશ્વ અહિંસા દિન'** તરીકે ઉજવાય છે.

- આ માટે 15 જૂન, 2007ના રોજ સંયુક્ત રાષ્ટ્રની મહાસભામાં મતદાન થયું હતું.
- જેમાં મહાસભાના તમામ સભ્યોએ 2 ઓક્ટોબરના રોજ 'વિશ્વ અહિંસા દિવસ'ની ઉજવણી કરવા માટે સહમતિ આપી હતી.
- ત્યારબાદ 2 ઓક્ટોબર, 2007થી સમગ્ર વિશ્વમાં દરવર્ષે આ દિવસે 'વિશ્વ અહિંસા દિન'ની ઉજવણી કરવામાં આવે છે.
- સૌપ્રથમ જાન્યુઆરી 2004માં ઈરાનના નોબેલ પુરસ્કાર વિજેતા **શ્રીમતી શિરિન ઈબાદીએ** **'વિશ્વ અહિંસા દિવસ'**ની ઉજવણીનો વિચાર રજૂ કર્યો હતો.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ:** (1) ભારતમાં નવી દિલ્હી ખાતે આવેલી મહાત્મા ગાંધીજીની સમાધિને **'રાજઘાટ'** નામ આપવામાં આવ્યું છે.

(2) મહાત્મા ગાંધીજીના સમાધિ સ્થળ 'રાજઘાટ' ઉપરાંત ગુજરાતમાં કચ્છ જિલ્લાના **ગાંધીધામ- આદિપુર** ખાતે પણ ગાંધીજીની **એક સમાધિ** આવેલી છે.

(3) ગાંધીધામ–આદિપુર ખાતે આવેલી આ ગાંધી સમાધિમાં મહાત્મા ગાંધીજીના અસ્થિફૂલ સચવાયેલા હોવાથી આ ગાંધી સમાધિનું પણ વિશેષ મહત્ત્વ છે.

(4) ગુજરાતમાં કચ્છ જિલ્લાના **માંડવી** તાલુકાના **કોટડી (અથવા તો મહાદેવપુરી)** ગામમાં 1948માં ગાંધીજીના નિધન બાદ ભારતના **પ્રથમ ગાંધી મંદિરનું** નિર્માણ થયું હતું.

# મહાત્મા ગાંધીજી વિશે પરીક્ષાલક્ષી મહત્ત્વની કેટલીક માહિતી

## ગાંધીજીના દાદા અને પિતાશ્રી

મહાત્મા ગાંધીજીનું પૂરું નામ **શ્રી મોહનદાસ કરમચંદ ગાંધી** હતું. તેમના દાદાનું નામ **શ્રી ઉત્તમચંદ ગાંધી** હતું. તેમના દાદા **શ્રી ઓતા ગાંધી** તરીકે પણ ઓળખાય છે.

- **શ્રી ઓતા ગાંધી**ને **છ દીકરા** હતા. તેમાં **શ્રી કરમચંદ ગાંધી** તેમના **પાંચમા દીકરા** હતા. તેમના **છઠ્ઠા** દીકરાનું નામ **તુલસીદાસ** હતું.
- ગાંધીજીના પિતા શ્રી કરમચંદ ગાંધી **શ્રી કબા ગાંધી** તરીકે પણ ઓળખાય છે.
- શ્રી કબા ગાંધી સૌપ્રથમ **પોરબંદર** અને ત્યારબાદ **રાજકોટ** અને **વાંકાનેર**ના **દીવાન** હતા.
- મરણ સમયે તેઓ **રાજકોટ દરબાર**ના પેન્શનર હતા.
- ગાંધીજીના **પિતાશ્રીના** એક પછી એક એમ **ચાર ઘર (લગ્ન)** થયા હતા. જેમાં તેમને **ત્રણ દીકરા** અને **ત્રણ દીકરીઓ** હતી. તેમાં **મહાત્મા ગાંધીજી સૌથી નાના** હતા.

## ગાંધીજીનો જન્મ

મહાત્મા ગાંધીજીનો જન્મ **શ્રી કરમચંદ ગાંધીજી**ના **ચોથા અને છેલ્લા** પત્ની **શ્રીમતી પૂતળીબાઈ**ની કૂખે **2 ઓક્ટોબર, 1869** અથવા તો **ભાદરવા વદ 12**ને **સંવત 1925**ના રોજ, **પોરબંદર** અથવા તો **સુદામાપુરી**માં થયો હતો.

- શ્રીમતી પૂતળીબાઈને એક દીકરી અને ત્રણ દીકરા હતા.
- મહાત્મા ગાંધીજીનો જન્મ દિન **2 ઓક્ટોબર** **'વિશ્વ અહિંસા દિન'** તરીકે ઉજવાય છે.
- ગાંધીજીનો જન્મ **બારસ**ને દિવસે થયો હોવાથી તેમનો જન્મ દિન **'રેંટિયા બારસ'** તરીકે પણ ઉજવાય છે.
- મહાત્મા ગાંધીજીનો જન્મ **'ગુજરાત હિંદુ મોઢ (વૈષ્ણવ) વણિક'** પરિવારમાં થયો હતો.
- તેમના વડવાઓ વ્યવસાયે **ગાંધિયાણા (કરિયાણા)**નો ધંધો કરતા હતા. પરંતુ તેમની પહેલાની **ત્રણ પેઢીએ** ગાંધીનો વ્યવસાય કર્યો ન હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મહાત્મા ગાંધીજીનું બાળપણ-અભ્યાસ

મહાત્મા ગાંધીજીનું **6 વર્ષ** સુધીનું બાળપણ **પોરબંદર**માં જ વીત્યું હતું.

- ત્યાં તેમણે કોઈ **સ્કૂલ**માં અભ્યાસ પણ કર્યો હતો. અને તેમાં તેઓ **થોડા પાડા** શીખેલા.
- તેમના પિતાશ્રી **પોરબંદર**થી **રાજકોટ** **રાજસ્થાનિક કોર્ટના સભ્ય** તરીકે **રાજકોટ** ટ્રાન્સફર થયા ત્યારે ગાંધીજીની ઉંમર **સાત વર્ષ**ની હતી.
- મહાત્મા ગાંધીજીએ **રાજકોટ**માં સૌપ્રથમ **રાજકોટ**ની ગામઠી નિશાળ **શાળા નં. 5 (પ્રતાપ કુંવરબા શાળા)**માં **બાલમંદિરથી ત્રીજા ધોરણ** સુધીનો અભ્યાસ કર્યો હતો. ગાંધીજી **ધોરણ 3**માં **નાપાસ** થયા હતા.
- ત્યારબાદ તેમણે **રાજકોટ**ની પરા નિશાળ **શાળા નં. 1 (કિશોરસિંહજી શાળા)**માં **એક વર્ષ** અભ્યાસ કર્યો હતો.
- ત્યારબાદ તેમણે રાજકોટની **શ્રી આલ્ફ્રેડ હાઈસ્કૂલ**માં **હાઈસ્કૂલનું** શિક્ષણ મેળવ્યું હતું.
- મહાત્મા ગાંધીજી જ્યારે હાઈસ્કૂલના **પ્રથમ વર્ષ**માં (એટલે કે **ચોથા ધોરણ**માં) હતા ત્યારે કેળવણીખાતાના **ઇન્સ્પેક્ટર જાઈલ્સ** તેમની શાળાની તપાસ માટે આવ્યા હતા.

- **ઈન્સ્પેક્ટર જાઈલ્સે** છોકરાઓને **પાંચ શબ્દ** લખવા માટે આપ્યા હતા. આ પાંચ શબ્દોમાંથી ગાંધીજીએ **'Kettle' (કેટલ)** શબ્દની જોડણી **ખોટી** લખી હતી.
- આથી તેમની સ્કૂલના માસ્તરે તેમને બૂટની અણી મારીને બીજા વિદ્યાર્થીમાંથી ભૂલ સુધારવા ચેતવ્યા હતા.
- પણ ચેતે તો એ ગાંધીજી શાના ? બીજા છોકરાઓમાંથી ચોરી કરતાં તેમને કદી આવડ્યું જ ન હતું.
- આથી, ગાંધીજી સિવાયના બધા છોકરાના પાંચેય શબ્દ સાચા પડયા હતા. માત્ર ગાંધીજીની જ **'Kettle'** શબ્દની જોડણી ખોટી પડી હતી.
- ગાંધીજી અભ્યાસ કરતા હતા ત્યારે હાઈસ્કૂલનું શિક્ષણ **ધોરણ 4**થી શરૂ થતું હતું. આથી **ભૂમિતિ** અને **સંસ્કૃત** વિષયો **ચોથા ધોરણ**થી શરૂ થતા હતા.
- જોકે, ગાંધીજીને શરૂઆતમાં **ભૂમિતિ** ખૂબ જ અઘરું લાગતું હતું..... પરંતુ **યુક્લિડના તેરમા પ્રમેય** ઉપર આવ્યા પછી ગાંધીજીને ભૂમિતિ સહેલામાં સહેલો વિષય લાગવા માંડયો હતો.
- ગાંધીજીને **સંસ્કૃત**નું શિક્ષણ **શ્રી કૃષ્ણાશંકર** માસ્તરે આપ્યું હતું.
- જોકે શ્રી કૃષ્ણાશંકર માસ્તર ખૂબ જ કડક હોવાથી તથા '**ફારસી** સંસ્કૃત કરતા સહેલું છે અને ફારસી શીખવનાર **મોલવી** પણ બહુ નરમ છે' એવું સાંભળીને ગાંધીજી એક વખત **સંસ્કૃત** છોડીને **ફારસી**ના વર્ગમાં બેસી ગયા હતા.
- ગાંધીજીને હાઈસ્કૂલના શિક્ષણના **બીજા વર્ષ**માં એટલે કે **પાંચમા ધોરણ**માં **માસિક ચાર રૂપિયા** અને હાઈસ્કૂલના **ત્રીજા વર્ષ**માં એટલે કે **છઠ્ઠા ધોરણ**માં **માસિક દસ રૂપિયા** શિષ્યવૃત્તિ મળી હતી.
- ગાંધીજી અભ્યાસ કરતા હતા એ સમયે **સોરઠ પ્રાંતના વિદ્યાર્થીઓમાં પ્રથમ નંબરે આવનાર વિદ્યાર્થી**ને આ શિષ્યવૃત્તિ આપવામાં આવતી હતી.
- ગાંધીજીને હાઈસ્કૂલમાં એક દમ ખાસ કહી શકાય તેવા **મિત્રો** ફક્ત **બે** જ હતા.
- ગાંધીજીએ **મેટ્રિક્યુલેશન**ની પરીક્ષા **ઈ.સ. 1887**માં પાસ કરી હતી.
- ગાંધીજીએ કોલેજનો અભ્યાસ મુંબઈ કરતા ભાવનગરનો ખર્ચ ઓછો હોવાથી **ભાવનગર**ની **શામળદાસ કોલેજ**માં કર્યો હતો.

## બાળપણમાં ધાર્મિક સંસ્કાર

બાળપણમાં ગાંધીજીના મન પર તેમના **પિતાશ્રી**એ ખરીદેલા પુસ્તક **'શ્રવણપિતૃભક્તિ નાટક'** તથા કાચમાં ચિત્રો દેખાડનારા પાસેથી જોયેલ **પોતાના માતાપિતાને કાવડમાં બેસાડીને લઈ જતા 'શ્રવણ'**ના **ચિત્ર**ની ગાંધીજીના મન પર ખૂબ જ ઊંડી છાપ પડી હતી.

- ગાંધીજીને બાળપણમાં **વાજું** વગાડવાનો શોખ હતો અને તેમના **પિતાશ્રી**એ તેમને એક વાજું પણ અપાવ્યું હતું.
- શ્રવણના મૃત્યુ સમયે તેમના **માતાપિતાના વિલાપ અંગેના છંદ**ને ગાંધીજીએ **વાજામાં** પણ ઉતાર્યો હતો.
- આ સમયે ગાંધીજીને વારંવાર **શ્રવણ** જેવા બનવાની ઈચ્છા થતી હતી.
- આ ઉપરાંત એ સમયે ગાંધીજીએ **હરિશ્ચંદ્રનું નાટક** (અથવા તો **આખ્યાન**) પણ જોયું હતું.
- એ નાટક એમણે અનેક વખત એમના મનમાં ભજવ્યું છે. અને એ સમયે **"હરિશ્ચંદ્રના જેવા સત્યવાદી બધા કાં ન થાય ?... હરિશ્ચંદ્રની ઉપર પડેલી તેવી વિપત્તિઓ ભોગવી સત્યનું પાલન કરવું એ જ ખરું સત્ય."** એવા વિચારો એમના મનમાં રમતા હતા.
- **હરિશ્ચંદ્રનું** દુઃખ જોઈ, તેમનું સ્મરણ કરી **ગાંધીજી** ખૂબ જ **રોયા** છે.
- આમ, **હરિશ્ચંદ્ર અને શ્રવણ**ની ગાંધીજીના મન પર ખૂબ જ ઊંડી અસર હતી.
- ગાંધીજી બાળપણમાં ભૂતપ્રેત આદિથી ખૂબ જ ડરતા હતા. આથી ગાંધીજી જેને **'દાઈ'** કહીને બોલાવતા હતા તે, તેમની **જૂની નોકર રંભા**એ ગાંધીજીને **'ભૂતપ્રેતનું ઔષધ રામનામ છે'** એવું સમજાવ્યું હતું.
- આથી ગાંધીજીએ બાળવયે જ **ભૂતપ્રેતાદિના ભયથી બચવા રામનામ**નો **જપ** શરૂ કર્યો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- એ સમયે ગાંધીજીના એક **કાકાના દીકરાએ** ગાંધીજી તથા તેમના ભાઈને **રામરક્ષાનો પાઠ** શીખવ્યો હતો.
- આ સમયે ગાંધીજીના મન પર **'રામાયણની પારાયણે'** પણ ખૂબ જ ઊંડી છાપ પાડી હતી.
- એ સમયે **બીલેશ્વર**ના **લાધા મહારાજ** રામજી મંદિરમાં રોજ રાત્રે **રામાયણનો પાઠ સંભળાવતા** હતા. આથી આ રામાયણ સાંભળવા ગાંધીજી રોજ રાત્રે રામજી મંદિરે જતા હતા.
- ગાંધીજીને **સર્વ સંપ્રદાયો વિશે સમાન ભાવ** રાખવાની તાલીમ **રાજકોટ**માં મળી હતી.
- કારણ કે તેમના માતાપિતા હવેલી, શિવાલય અને રામમંદિરમાં પણ જતા હતા અને ગાંધીજી તથા તેમના ભાઈને સાથે લઈ જતા હતા.
- બાળપણમાં ગાંધીજીને તમામ ધર્મોમાંથી માત્ર **ખ્રિસ્તી ધર્મ** પ્રત્યે **'કંઈક અભાવ'** હતો.
- ગાંધીજીએ તેમના પિતાશ્રીના પુસ્તકસંગ્રહમાંના **'મનુસ્મૃતિ'**ના **ભાષાંતર**માંથી **જગતની ઉત્પત્તિ** વગેરે વાતો વાંચી હતી.
- જોકે એ સમયે **'મનુસ્મૃતિ'** વાંચીને ગાંધીજી **અહિંસા** શીખ્યા ન હતા, પરંતુ ઉલ્ટુ એનાથી **'માંસાહાર'**ને ટેકો મળ્યો હતો.
- 'અપકારનો બદલો અપકાર નહીં પણ ઉપકાર જ હોઈ શકે' એ વસ્તુ ગાંધીજીની જિંદગીનું સૂત્ર બની ગયું હતું. તેનું કારણ ગાંધીજીના હૃદયમાં ચોંટેલો **એક નીતિનો છપ્પો** હતો. ગાંધીજીએ આ છપ્પાને 'ચમત્કારી' ગણાવ્યો છે. આ 'ચમત્કારી છપ્પો' કંઈક આ પ્રમાણે છે –

## ગાંધીજીના લગ્ન

- મહાત્મા ગાંધીજીના લગ્ન **13 વર્ષની ઉંમરે** થયા હતા. ગાંધીજીની **ત્રણ વખત** સગાઈ થઈ હતી.
- જેમાં ગાંધીજીની ત્રીજી અને છેલ્લી સગાઈ **સાત વર્ષ**ની ઉંમરે થઈ હતી.
- ગાંધીજીના લગ્ન સમયે તેમના પિતાશ્રી **રાજકોટ રાજ્યના દીવાન** હતા. આથી તેમનો પરિવાર એ સમયે રાજકોટ સ્થાયી થયો હતો.
- જોકે, મહાત્મા ગાંધીજી તથા તેમના મોટાભાઈ અને તેમના કાકાના દીકરા એમ ત્રણેયના લગ્ન એકસાથે કરવાના હોવાથી તેમના લગ્નનું આયોજન **પોરબંદર** ખાતે થયું હતું.
- આથી, તેમના લગ્નપ્રસંગમાં હાજરી આપવા માટે તેમના પિતાશ્રી જ્યારે રાજકોટથી પોરબંદર આવી રહયા હતા ત્યારે તેમનો ટાંગો (ઘોડાગાડી) ઊંધો વળતા તેમના પિતાશ્રીને ખૂબ જ વાગ્યુ હતું.
- આમ છતાં, હાથે–પગે પાટા બાંધ્યા હોવા છતાં અને તેમના શરીરે પીડા  થતી હોવા છતાં તેમના પિતાશ્રીએ ગાંધીજીના વિવાહમાં પૂરો ભાગ લીધો હતો.
- ગાંધીજીના પત્નીનું નામ કસ્તુરબા હતું અને તેઓ નિરક્ષર હતા.
- વિવાહ થયા ત્યારે ગાંધીજી હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા હતા.
- વિવાહને કારણે ગાંધીજી તથા તેમના ભાઈનું અભ્યાસનું **એક વર્ષ** નકામું ગયું હતું.
- ગાંધીજીના લગ્ન બાદ તેમના પત્નીને અવતરેલું પ્રથમ બાળક બે કે ચાર દિવસ બાદ અવસાન પામ્યું હતું. જેનું મુખ્ય કારણ બાળલગ્ન હતું.
- ગાંધીજીને બાળલગ્ન અંગે પહેલેથી જ ખૂબ જ શરમ હતી. અને પાછળથી તેઓ બાળલગ્નના વિરોધી પણ બની ગયા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ગાંધીજીની પિતૃભક્તિ

મહાત્મા ગાંધીજી બાળપણથી જ પિતૃભક્ત હતા. અને નિશાળ બંધ થાય એટલે તેઓ તરત જ ઘેર પહોંચીને પિતાજીની સેવામાં લાગી જતા હતા.

- પરંતુ ગાંધીજી જ્યારે સાતમા ધોરણમાં હતા ત્યારે તેમની શાળામાં શ્રી દોરાબજી એદલજી ગીમી હેડમાસ્તર હતા.
- અને તેમણે શાળાના ઉપલા ધોરણના વિદ્યાર્થીઓ માટે કસરત, ક્રિકેટ, ફૂટબોલ ફરજિયાત કર્યા હતા.
- પરંતુ પિતાજીની સેવાને કારણે ગાંધીજી કસરતના સમયે સ્કૂલમાં હાજર રહી શકયા ન હતા. આથી ગીમી સાહેબે ગાંધીજીને એક કે બે આનાનો દંડ કર્યો હતો.
- જોકે પાછળથી મહાત્મા ગાંધીજીએ 'નિશાળના સમય પછી તેમના પિતાશ્રી તેમની હાજરી પોતાની સેવાને અર્થે ઈચ્છે છે એવો પિતાશ્રીનો કાગળ' હેડમાસ્તરને આપીને કસરતમાંથી મુક્તિ મેળવી હતી.
- ગાંધીજીના પિતાશ્રીને ભગંદરની બીમારી હતી. અને તેઓ તદ્દન ખાટલાવશ હતા.
- ત્યારે ગાંધીજીનું કામ 'નર્સ'નું હતું. એમનો ઘા ધોવો, તેમાં દવા નાખવી, મલમ લગાડવો, તેમને દવા આપવી અને જ્યારે ઘેર દવા તૈયાર કરવાની હોય ત્યારે તે તૈયાર કરવી એ એમનું ખાસ કામ હતું.
- રોજ રાત્રે તેમના પિતાશ્રીના પગ ચાંપવા અને એ રજા આપે ત્યારે અથવા તો ઊંઘી જાય ત્યારે ગાંધીજીએ સૂવા જવું એવો ગાંધીજીનો નિયમ હતો.

## ચોરી અને પ્રાયશ્ચિત

- બાળપણમાં ગાંધીજીને તેમના એક સગાની સાથે બીડી પીવાનો શોખ થઈ ગયો હતો.
- પણ તેમની પાસે બીડીના પૈસા ન હતા. આથી તેઓ તેમના કાકા બીડીનાં ઠૂંઠાં ફેંકી દે તે ચોરીને પીતા હતા.
- જોકે બીડીના ઠૂંઠાં હર વખતે મળતા ન હતા અને એમાંથી બહુ ધુમાડોય નીકળતો ન હોવાથી તેઓ કયારેક કયારેક તેમના ચાકરની ગાંઠે બેચાર દોકડા હોય તેમાંથી વચ્ચે વચ્ચે એકાદ દોકડો ચોરીને બીડી ખરીદતા હતા.
- જોકે તેઓ બીડીની આદતને કારણે આવેલી પરાધીનતાથી કંટાળી ગયા હતા અને તેમણે ધતૂરાના ડોડવાનાં બી ખાઈને આપઘાત કરવાનો નિશ્ચય કર્યો હતો. અને તેમણે ધતૂરાના બેચાર બી ખાધાં પણ ખરા, પરંતુ બીજાં ખાવાની હિંમત ન ચાલી અને આપઘાતનો વિચાર પડતો મૂકયો.
- પરંતુ આ આપઘાતના વિચારનું પરિણામ એ આવ્યું કે, ગાંધીજીની એઠી બીડી ચોરીને પીવાની તેમ જ નોકરના દોકડા ચોરવાની ને તેમાંથી બીડી લઈ ફૂંકવાની આદત છૂટી ગઈ. એ સમયે તેમની ઉંમર બારતેર વર્ષ કે તેથી ઓછી હતી.
- ત્યારબાદ ગાંધીજી જ્યારે પંદર વર્ષના હતા ત્યારે તેમના ભાઈને 'માંસાહાર'ને કારણે પચીસેક રૂપિયાનું કરજ થઈ ગયું હતું.
- તેમના ભાઈના હાથમાં સોનાનું નક્કર કડું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આથી, ભાઈનું કરજ ચૂકવવા માટે એ સોનાના કડામાંથી **સોનાનો કકડો** કાપીને કરજ ચૂકવવું એવો નિર્ણય **ગાંધીજી અને તેમના ભાઈએ** કર્યો હતો.
- અને કડું કપાયું, કરજ પણ ચૂકવાઈ ગયું. પરંતુ **'સોનાના કકડા'**ની આ **ચોરી** ગાંધીજી માટે **અસહ્ય બની ગઈ**. અને હવે પછી ક્યારેય ચોરી ન કરવાનો તેમણે નિર્ણય કર્યો.
- આ માટે પ્રાયશ્ચિત રૂપે પોતાની ભૂલ પિતાશ્રી પાસે કબૂલ કરવી અને શુદ્ધ થવું. એવો તેમણે નિર્ણય કર્યો. પણ ભૂલ કબૂલવી કઈ રીતે ?
- અંતે તેમણે પિતાશ્રીને ચિઠ્ઠી લખીને પોતાની ભૂલ કબૂલી.

## વિલાયત જવાની તૈયારી

મહાત્મા ગાંધીજીએ **મેટ્રિક**ની પરીક્ષા આપવા માટે **પરીક્ષા સ્થળ** તરીકે **અમદાવાદ**ની પસંદગી કરી હતી.

- અને એ માટે **રાજકોટથી અમદાવાદ** **પ્રથમ વખત** એકલા મુસાફરી કરી હતી.
- તેમણે **ઈ.સ. 1887માં** **મેટ્રિક્યુલેશન**ની પરીક્ષા પાસ કરી હતી.
- અને ત્યાર બાદ તેમણે **ભાવનગર**ની **શામળદાસ કોલેજ**માં એડમિશન લીધુ હતું.
- અને તેઓ શામળદાસ કોલેજમાંથી **પહેલી ટર્મ (પ્રથમ સત્ર)** પૂરું કરીને જયારે ઘેર પરત આવ્યા ત્યારે ગાંધીજીના કુટુંબના જૂના મિત્ર અને સલાહકાર **શ્રી માવજી દવે**એ ગાંધીજીને **વિલાયત** જઈને **બારિસ્ટર** બનવા સલાહ આપી.
- **શ્રી માવજી દવે**ને ગાંધીજી **'જોશીજી'** તરીકે સંબોધિત કરતા હતા અને તેમનો **કેવળરામ** નામનો એક દીકરો પણ વિલાયતમાં હતો.
- આથી, ગાંધીજી જો વિલાયત જશે તો **ત્રણ વર્ષ**માં ભણીને પાછા આવી જશે અને ખરચ પણ **ચાર - પાંચ હજાર**થી વધારે નહિ થાય એવી તેમણે ભલામણ કરી.
- આથી, તેમના વડીલ ભાઈએ **પોરબંદર** જઈને **એડમિનિસ્ટ્રેટર લેલીસાહેબ** પાસે આ માટે મદદ માંગવાનું કહ્યું.
- ગાંધીજીના માતાએ પણ વિલાયત જવા માટે પોરબંદર જઈને સૌપ્રથમ તેમના **કાકાની સલાહ** લેવા કહ્યું.
- આથી ગાંધીજીએ પોરબંદર જવા માટે ધોરાજી સુધી ગાડું કર્યું અને **ધોરાજી**થી **પોરબંદર** એક દિવસ વહેલા પહોંચવા માટે ઊંટ કર્યું.
- **ઊંટની સવારી**નો ગાંધીજીનો આ **પ્રથમ અનુભવ** હતો.
- પોરબંદર જઈને તેમણે તેમના કાકાને બધી વાત કરી. તેમના **કાકાએ** 'જો તારા બા તને રજા આપે, તો મારી આશિષ તને છે જ' એવી શરતી મંજૂરી આપી.
- અને પોરબંદરમાં એડમિનિસ્ટ્રેટર **લેલીસાહેબે** 'તું બી.એ. થા, પછી મળજે. હમણાં કંઈ મદદ ન અપાય' એમ કહીને મદદ કરવાનો ઈનકાર કર્યો.
- ગાંધીજીએ ઘરે આવીને તેમના માતાને બધી વાત કરી.
- તેમના **માતા**એ **શ્રી બેચરજી સ્વામી**ને પૂછીને પછી જ પરવાનગી આપીશ એમ કહ્યું.
- **શ્રી બેચરજી સ્વામી**એ **ગાંધીજી** પાસેથી **ત્રણ** બાબતોની **પ્રતિજ્ઞા** લઈને પછી વિલાયત મોકલવા સૂચન કર્યું.
- આથી, **શ્રી બેચરજી સ્વામી**ના કહેવાથી ગાંધીજીએ **માંસ, મદિરા અને સ્ત્રીસંગ**થી દૂર રહેવાની **પ્રતિજ્ઞા** લીધી અને **માતા**એ વિલાયત જવાની આજ્ઞા આપી.
- મંજૂરી મળ્યા બાદ વિલાયત જવા માટે ગાંધીજી મુંબઈ આવ્યા. **મુંબઈ**ની આ તેમની **પ્રથમ** મુસાફરી હતી. આ સમયે તેમના **વડીલ ભાઈ** તેમને મૂકવા સાથે આવ્યા હતા. ત્યારબાદ દરિયામાં તોફાન હોવાથી ગાંધીજીને થોડો સમય મુંબઈ રોકાવું પડયું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નાત બહાર

- ગાંધીજીના વિલાયત જવા વિશે તેમની નાતમાં જાણ થઈ અને નાતમાં ખળભળાટ મચી ગયો.
- આ અગાઉ કોઈ મોઢ વાણિયો વિલાયત ગયો ન હતો. તેથી અને ધર્મમાં દરિયો ઓળંગવાની મનાઈ હોવાથી તેમજ વિલાયતમાં ધર્મ ન સચવાય એ કારણથી નાતે ગાંધીજીને વિલાયત જવાની પરવાનગી ન આપી.
- આમ છતાં, ગાંધીજી પોતાના નિશ્ચય પર દૃઢ રહ્યા તો તેમને નાત બહાર કરવામાં આવ્યા અને નાતના શેઠે હુકમ કર્યો કે, 'આ છોકરાને આજથી નાત બહાર ગણવામાં આવશે. જે કોઈ તેને મદદ કરશે અથવા વળાવવા જશે તેને નાત પૂછશે, ને તેનો **સવા રૂપિયો** દંડ થશે'.
- ત્યારબાદ **4થી સપ્ટેમ્બરે** ઊપડનારી સ્ટીમરમાં **જૂનાગઢના શ્રી ત્ર્યંબકરાય મજમુદાર** નામના **એક વકીલ** બારિસ્ટર બનવા માટે વિલાયત જવાના છે એવા સમાચાર મળ્યા.
- આથી, ગાંધીજીએ તેમની સાથે વિલાયત જવું એવું નક્કી થયું.
- અને કુટુંબના **એક મિત્ર**ની મદદથી ભાડા વગેરેના પૈસા મેળવી **શ્રી ત્ર્યંબકરાય મજમુદાર**ની સાથે વિલાયત જવા માટે **4 સપ્ટેમ્બર, 1888**ના રોજ ગાંધીજીએ **મુંબઈનું** બંદર છોડ્યું.
- એ સમય ગાંધીજીની ઉંમર **18 વર્ષ**ની હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વિલાયતમાં

- મહાત્મા ગાંધીજી વિલાયતમાં સૌપ્રથમ ઈંગ્લેન્ડના **સાઉધેમ્પ્ટન બંદરે** ઉતર્યા હતા. એ દિવસે **શનિવાર** હતો.
- ગાંધીજી વિલાયત પહોંચ્યા ત્યારે તેમની પાસે ભલામણના ચાર કાગળો હતો.

  (1) દાકતર પ્રાણજીવન મહેતા ઉપર (2) શ્રી દલપતરામ શુકલ ઉપર

  (3) પ્રિન્સ રણજિતસિંહજી ઉપર અને (4) શ્રી દાદાભાઈ નવરોજી ઉપર
- સાઉધેમ્પ્ટન બંદરે ઉતર્યા બાદ ગાંધીજી તથા ત્ર્યંબકરાય મજમુદાર **વિક્ટોરિયા હોટલ**માં રોકાયા હતા.
- ગાંધીજીએ ત્યાંથી સૌપ્રથમ **દાક્તર પ્રાણજીવન મહેતા**ને તાર કર્યો હતો. આથી તેઓ ગાંધીજીને મળવા આવ્યા.
- આ સમયે ગાંધીજીએ અજાણતાં જ **દાક્તર મહેતા**ની રેશમનાં રૂંવાંવાળી ટોપી જોવા ખાતર ઉપાડી અને તેના ઉપર ઊલટો હાથ ફેરવ્યો. દાક્તર મહેતાએ આ જોઈને ગાંધીજીને અટકાવ્યા.
- અને અહીંથી ગાંધીજીનો **યુરોપના રીતરિવાજો** વિશેનો **પહેલો પાઠ** શરૂ થયો હતો.

## ગાંધીજીએ આપેલા ઉપનામો

| ક્રમ | ઉપનામ | કોને આપ્યું ? |
|---|---|---|
| 1 | રાષ્ટ્રીય કવિ | શ્રી મૈથિલીશરણ ગુપ્ત |
| 2 | ચરોતરનું મોતી | શ્રી મોતિભાઈ અમીન |
| 3 | દીનબંધુ | શ્રી સી.એફ એન્ડ્રુઝ |
| 4 | સવાઈ | શ્રી કાકાસાહેબ કાલેલકર |
| 5 | કાયદે આઝમ | શ્રી મહમદ અલી ઝીણા |
| 6 | મૂક સેવક | શ્રી રવિશંકર મહારાજ |
| 7 | નેતાજી | શ્રી સુભાષચંદ્ર બોઝ |
| 8 | દેશબંધુ | શ્રી ચિત્તરંજન દાસ |
| 9 | ડુંગળીચોર | શ્રી મોહનલાલ પંડયા |
| 10 | મીરાબેન/ મીરાબાઈ | સુશ્રી મેડલીન સ્લેડ |
| 11 | ગુરૂદેવ | શ્રી રવીન્દ્રનાથ ટાગોર |
| 12 | રાષ્ટ્રીય શાયર | શ્રી ઝવેરચંદ મેઘાણી |

## ગાંધીજીને મળેલા ઉપનામો

| ક્રમ | ઉપનામ | કોણે આપ્યું ? |
|---|---|---|
| 1 | મહાત્મા | શ્રી રવીન્દ્રનાથ ટાગોર |
| 2 | વન મેન બાઉન્ડ્રી | શ્રી લોર્ડ માઉન્ટ બેટન |
| 3 | બાપુ | શ્રી ઝવરેચંદ મેઘાણી |
| 4 | અર્ધનગ્ન ફકીર | શ્રી વિન્સ્ટન ચર્ચિલ |

## ગ્રીન ટર્મ લોન (Green Term Loan)

તાજેતરમાં NTPCની પેટા કંપની NTPC રિન્યુએબલ એનર્જી (NTPC- REL)એ રાજસ્થાન અને ગુજરાતમાં સૌર પ્રોજેક્ટ્સ સ્થાપવા માટે તેના પ્રથમ ગ્રીન ટર્મ લોન કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

- NTPC-REL કચ્છમાં 4.75 GWનું ભારતનું સૌથી મોટું સિંગલ સ્થાનિક સોલાર પાવર પાર્ક પણ બનાવી રહ્યું છે.
- NTPC નવીનીકરણીય ઉર્જા સ્ત્રોતોની નોંધપાત્ર ક્ષમતાઓને જોડીને તેના ગ્રીન એનર્જી પોર્ટફોલિયોના નિર્માણ માટે વિવિધ પગલા લઈ રહી છે.


## ગ્રીન લોન વિશે

ગ્રીન લોનએ ધિરાણનો એક પ્રકાર છે જે ચોક્કસ પર્યાવરણીય અસર ધરાવતા અથવા 'ગ્રીન પ્રોજેક્ટ્સ'ને ધિરાણ માટે સક્ષમ એન સશક્ત બનાવવાનો પ્રયત્ન કરે છે.

## ગ્રીન લોનના ફાયદા

તે કોર્પોરેટ મુલ્ય વધારવામાં મદદ કરશે.

- તે કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી ગોલ પૂરા કરવામાં પણ મદદ કરશે.
- ગ્રીન લોન આપીને ધિરાણકર્તાઓ પર્યાવરણીય લાભો મેળવી શકે છે જે એક સ્થાયી સમાજના નિર્માણમાં ફાળો આપે છે, તેમજ તેમના પર ઉધાર અને વળતર પણ મેળવી શકે છે.
- ગ્રીન લોન અને ગ્રીન ડિપોઝિટમાં વધારો થવાથી ગ્રીન લોન વિશે વ્યક્તિગત જાગૃતિ વધશે.
- ગ્રીન પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન આપવાથી ઉર્જા ખર્ચ ઘટાડી શકાય છે તથા ઉર્જા સુરક્ષાને મજબૂત કરી શકાય છે.

1. ભારતમાં 2 ઓક્ટોબરના રોજ કોનો જન્મદિવસ ઉજવાય છે ?

1. મહાત્મા ગાંધીજી
2. શ્રી લાલ બહાદુર શાસ્ત્રી
3. શ્રી ચૌધરી ચરણ સિંહ
4. શ્રી રવિશંકર મહારાજ

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) ફક્ત 1 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 **(B)**

2. શ્રી મહાત્મા ગાંધીજીનો જન્મ દિવસ 2 ઓક્ટોબર કયા દિવસ તરીકે ઉજવાય છે ?

1. વિશ્વ અહિંસા દિવસ
2. વિશ્વ સ્વચ્છતા દિવસ
3. સ્વચ્છ ભારત દિવસ
4. સ્વસ્થ ભારત દિવસ

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1 (C) ફક્ત 1 અને 3 (D) ફક્ત 1, 3 અને 4 **(C)**

3. શ્રી લાલ બહાદુર શાસ્ત્રીએ ભારતના કેટલામાં વડાપ્રધાન તરીકે સેવા આપી હતી ?

(A) પ્રથમ (B) બીજા (C) ત્રીજા (D) ચોથા **(B)**

4. નવી દિલ્હી ખાતે આવેલા શ્રી લાલબહાદુર શાસ્ત્રીનું સમાધી સ્થળ કયા નામે ઓળખાય છે ?

(A) વિજયઘાટ (B) અભયઘાટ (C) કિસાનઘાટ (D) નારાયણઘાટ **(A)**

5. તાજેતરમાં NTPCની પેટા કંપની NTPC- રિન્યુએબલ એનર્જી (NTPC-REL)એ કયા રાજ્યમાં સૌર પ્રોજેક્ટ્સ સ્થાપવા માટે તેના પ્રથમ ગ્રીન ટર્મ લોન કરાર પર હસ્તાક્ષર કર્યા છે ?

(A) ગુજરાત (B) રાજસ્થાન
(C) (A) અને (B) બંને (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

## ગુજરાત

➤ **ગાંધીનગરમાં નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીમાં સ્કૂલ ઓફ લો ફોરેન્સિક જસ્ટીસ એન્ડ પોલીસી સ્ટડીઝનો પ્રારંભ**

ગાંધીનગરમાં નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીમાં કેન્દ્રીય મંત્રી કિરણ રિજ્જુએ સ્કૂલ ઓફ ફોરેન્સિક જસ્ટિસ એન્ડ પોલિસી સ્ટડિઝનો પ્રારંભ કરાવ્યો છે. આ સંદર્ભે શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં ગુનાના પ્રકારો બદલાયા છે ત્યારે ટેક્નોલોજીના સમન્વયથી સાંપ્રત પડકારો ઝીલી લઈ ફોરેન્સિક સાયન્સ એન્ડ જસ્ટિસની મદદથી પૂરાવાઓ અદાલતમાં રજૂ કરવામાં સરળતા રહેશે. આના પરિણામે ન્યાયિક પ્રક્રિયા પણ ઝડપી બનશે. નોંધનીય છે કે આ યુનિવર્સિટીએ માત્ર 12 વર્ષના ટૂંકા સમયગાળામાં 70 થી વધુ દેશોમાં આગવી ઓળખ ઉભી કરી છે.

➤ **ગુજરાત ટ્રાવેલ એન્ડ ટુરિઝમ એવોર્ડ- 2020નો ભવ્ય સમારોહ ગાંધીનગરમાં યોજાયો**

તાજેતરમાં 'ટ્રાવેલ એન્ડ ટુરિઝમ એવોર્ડ, 2020'નો ભવ્ય સમારોહ ગાંધીનગરમાં યોજાયો હતો. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ અને પ્રવાસન વિકાસ નિગમ લિમિટેડ દ્વારા આયોજીત ગુજરાત ટ્રાવેલ એન્ડ ટુરિઝમ એવોર્ડના બીજા સંસ્કરણ અવસરે ટુરિઝમ–હોસ્પિટાલિટી સેક્ટરના વિવિધ એવોર્ડ પ્રદાન કર્યા હતા. આ અંતર્ગત વિવિધ 26 કેટેગરીમાં 519 પાર્ટીસીપન્ટ્સમાંથી શ્રેષ્ઠતાના એવોર્ડ અપાયા હતા. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ડેઝર્ટ ટુરિઝમ, એન્ડવેન્ચર ટુરિઝમ, બોર્ડર ટુરિઝમ તથા સ્ટેચ્યુ ઓફ યુનિટી જેવા પેટ્રીઓટિક ટુરિઝમ, બીચ ટુરિઝમ સાથે ગુજરાતે પ્રવાસન ક્ષેત્રના સર્વગ્રાહી અને સર્વસમાવેશી વિકાસને સાકાર કર્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **સૌભાગ્ય યોજના**

તાજેતરમાં 'પ્રધાનમંત્રી સહજ બીજલી હર ઘર યોજના' (સૌભાગ્ય યોજના)એ તેના અમલીકરણના ચાર વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે. તેની શરૂઆતથી લઈને 31 માર્ચ, 2021 સુધીમાં 2.82 કરોડ ઘરોમાં વીજળીકરણ કરવામાં આવ્યું છે. આ યોજના વર્ષ 2017માં દેશના ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં તમામ ઘરોમાં વીજળીકરણ સુનિશ્ચિત કરવા માટે શરૂ કરવામાં આવી હતી. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ છેલ્લા માઈલ કનેક્ટિવિટી એટલે કે એન્ડ–ટુ–એન્ડ કનેક્ટિવિટી દ્વારા દેશમાં સાર્વત્રિક ઘરગથ્થુ વીજણીકરણ પ્રાપ્ત કરવું તથા ગ્રામીણ વિસ્તારોમાં તમામ બિન વિજળીકૃત ઘરો અને શહેરી વિસ્તારોમાં ગરીબ પરિવારોને વીજળીની સુવિધા પુરી પાડવાનો છે.

➤ **મેઘાલય એન્ટરપ્રાઈઝ આર્કિટેક્ચરલ પ્રોજેક્ટ (meghEA)**

તાજેતરમાં મેઘાલય એન્ટરપ્રાઈઝ આર્કિટેક્ચર પ્રોજેક્ટ (meghEA) શરૂ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ ડિજિટલ ટેક્નોલોજીનો ઉપયોગ કરતા લોકો માટે સેવાઓ અને શાસનની ડિલિવરીમાં સુધારો કરવાનો છે. meghEA પહેલ વર્ષ 2030 સુધીમાં મેઘાલયને ઉચ્ચ આવક ધરાવતુ રાજ્ય બનાવવા માટે શાસન, માનવ સંશાધન, ઉદ્યોગ સાહસિકતા, અગ્રતા ક્ષેત્ર, માળખાકીય સુવિધા અને પર્યાવરણ જેવા 6 સ્તંભો પર આધારિત છે. આ પહેલ ડિજિટલ ઈન્ડિયાના વિઝનને અનુરૂપ છે.

➤ **સેન્ટર ઓફ એક્સેલન્સ ઓન ક્વોન્ટમ ટેક્નોલોજી**

તાજેતરમાં IIT દિલ્હીએ ક્વોન્ટમ ટેક્નોલોજીના વિવિધ ક્ષેત્રમાં સંશોધન પ્રવૃત્તિઓને એક સાથે લાવવા માટે 'સેન્ટર ઓફ એક્સેલન્સ ઓન ક્વોન્ટમ ટેક્નોલોજી'ની સ્થાપના કરી છે. આ 'સેન્ટર ઓફ એક્સેલન્સ' IIT દિલ્હી ખાતે ક્વોન્ટમ ટેક્નોલોજીના ક્ષેત્રમાં ચાલી રહેલી વિવિધ પ્રવૃત્તિઓમાં સુમેળ અને સુસંગતતા લાવશે અને સંશોધકોને વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ અને અન્ય ભંડોળ એજન્સીઓ પાસેથી સહયોગ મેળવવામાં મદદ કરશે. નોંધનીય છે કે યુએસએ, ચીન, જાપાન અને યુકે જેવા ઘણા દેશોએ ક્વોન્ટમ ટેક્નોલોજીના આ ક્ષેત્રમાં વ્યાપક રોકાણ કર્યુ છે. આ તર્જ પર ભારત સરકારે ક્વોન્ટમ ટેક્નોલોજીના ક્ષેત્રમાં સંશોધન માટે 8000 કરોડ રૂપિયાના રોકાણને પણ મંજૂરી આપી છે.

➤ **નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી સ્થાપના દિવસ**

નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના સ્થાપના દિવસનું આયોજન 27 સપ્ટેમ્બર, 2021ના રોજ કરવામાં આવ્યું હતું. નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી ભારતમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ માટે સર્વોચ્ચ વૈધાનિક સંસ્થા છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, 2005 હેઠળ 27 સપ્ટેમ્બર, 2006ના રોજ ઔપચારિક રીતે તેની રચના કરવામાં આવી હતી. વડાપ્રધાન તેમના અધ્યક્ષ હોય છે આ ઉપરાંત અન્ય નવ સભ્યોની નિમણૂક કરવામાં આવે છે, જેમાંથી એક સભ્યને ઉપાધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવે છે. તેનો પ્રાથમિક ઉદ્દેશ કુદરતી અથવા માનવસર્જિત આફતો દરમિયાન પ્રતિભાવોનું સંકલન કરવાનો અને આપત્તિ–સ્થિતિ સ્થાપક અને કટોકટી પ્રતિભાવ માટે ક્ષમતા વધારવાનો છે.

➤ **પ્રધાનમંત્રી પોષણ યોજના**

તાજેતરમાં કેન્દ્રીય મંત્રી મંડળે શાળાઓમાં પ્રધાનમંત્રી પોષણ યોજના ચાલુ રાખવાની મંજૂરી આપી છે, જે કેન્દ્રીય પ્રાયોજિત રાષ્ટ્રીય યોજના છે. પ્રધાનમંત્રી પોષણ યોજના વધુ પાંચ વર્ષ સુધી ચાલશે. તે 2021-22 થી 2025-26 સુધી ચાલશે. કેન્દ્ર સરકારે 54,062 કરોડના નાણાકીય ખર્ચ સાથે આ યોજનાને મંજૂરી આપી છે. આ કેન્દ્રીય પ્રાયોજિત યોજના સરકારી શાળાઓ તેમજ સરકારી સહાયિત શાળાઓમાં ધોરણ 1 થી 8ના તમામ શાળાના બાળકોને આવરી લેશે. આ યોજનાનું કુલ બજેટ રૂ. 1,30,775 કરોડ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **Ease of Logistics Portal**

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગમંત્રી શ્રી પિયુષ ગોયલે 27 સપ્ટેમ્બર, 2021ના રોજ 'ઈઝ ઓફ લોજિસ્ટિક્સ પોર્ટલ' લોન્ચ કર્યુ હતું. આ પોર્ટલને લોન્ચ કરતા સમયે શ્રી પિયુષ ગોયલે જણાવ્યું હતું કે 'બિઝનેસના નિયમો' તમામ હિસ્સેદાર માટે સમાન હોવા જોઈએ. 'ફેડરેશન ઓફ ઈન્ડિયા એક્સપોર્ટ ઓર્ગેનાઈઝેશન' (FIEO) દ્વારા આયોજિત 'કોમર્સ વીક એવોર્ડ સેરેમની' દરમિયાન આ પોર્ટલ શરૂ કરવામાં આવ્યું હતું. ઈઝ ઓફ લોજિસ્ટિક્સ પોર્ટલ એક વેપાર સુવિધા પોર્ટલ છે જેને FIEO દ્વારા વિકસાવવામાં આવ્યું છે. નિકાસકારો અને લોજિસ્ટિક્સ સર્વિસ પ્રોવાઈડર્સને એક જ પ્લેટફોર્મ પર લાવવા માટે તેને શરૂ કરવામાં આવ્યું છે.

➤ **નાબાર્ડે યાક ઉચ્છેર માટે લોન યોજના મંજૂર કરી**

નાબાર્ડ (નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ)એ 28 સપ્ટેમ્બર, 2021ના રોજ અરૂણાચલ પ્રદેશમાં યાક ઉચ્છેર માટે એક ધિરાણ યોજનાને મંજૂરી આપી છે. યાક ઉચ્છેરો માટેની આ ધિરાણ યોજના પશુપાલકોને તેમની આજીવિકા મજબૂત કરવા માટે લોન મેળવવામાં મદદ કરશે. આ યોજના અરૂણાચલ પ્રદેશના પશ્ચિમ કામેંગ જિલ્લાના દિરંગ ખાતે સ્થિત 'National Research Centre on Yak' (NRCY) દ્વારા વિકસાવવામાં આવી છે. NRCY એ ભારતીય કૃષિ સંશોધન હેઠળ કાર્ય કરે છે. યાક હિમાલયના પ્રદેશમાં સૌથી મુલ્યવાન પ્રાણી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **શ્રી શિવાજી ગણેશન**

1 ઓક્ટોબર, 2021ના રોજ ગુગલે સ્વર્ગસ્થ અભિનેતા શ્રી શિવાજી ગણેશનને તેમની 93મી જન્મજયંતિ પર ડૂડલ દ્વારા શ્રધ્ધાંજલી આપી હતી. દક્ષિણ ભારતીય સિનેમાના પ્રખ્યાત અભિનેતા શ્રી શિવાજી ગણેશનનો જન્મ 1 ઓક્ટોબર, 1928ના રોજ મદ્રાસ પ્રેસિડેન્સી (હાલના તમિલનાડુ)માં વિલ્લુપુરમમાં થયો હતો. માત્ર સાત વર્ષની ઉંમરે તેણે એક થિયેટર ગ્રુપમાં જોડાવા માટે પોતાનું ઘર છોડી દીધુ હતું. ડિસેમ્બર 1945માં શ્રી શિવાજી ગણેશને 'શિવાજી કાંડા હિન્દુ રાજ્યમ' નામના નાટકમાં મરાઠા શાસક શ્રી છત્રપતિ શિવાજી મહારાજનું પાત્ર ભજવ્યું હતું. તેમણે તેમની ફિલ્મી કારકિર્દીની શરૂઆત વર્ષ 1952થી તામિલ ફિલ્મ પરશક્તિથી કરી હતી.

## વિશ્વ


➤ **ચીને ભારતની અગ્નિ- V (અગ્નિ- 5) મિસાઈલ પ્રોજેક્ટ પર સવાલ ઉઠાવ્યા**

તાજેતરમાં ભારતની અગ્નિ– 5 બેલિસ્ટિક મિસાઈલના આગામી પરીક્ષણોના અહેવાલો વચ્ચે ચીને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)ના ઠરાવને ધ્યાનમાં રાખીને ભારતના મિસાઈલ પરીક્ષણ કાર્યક્રમ પર સવાલ ઉઠાવ્યા છે. ભારતના 1998ના પરમાણુ પરીક્ષણો બાદ UNSC ઠરાવ 1172 જારી કરવામાં આવ્યો હતો. આ ઠરાવ 1998ના પરમાણુ પરીક્ષણો બાદ ભારત અને પાકિસ્તાનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેમાં તેના પરમાણુ હથિયારોના વિકાસ કાર્યક્રમો અટકાવવા વગેરે જેવી બાબતોનો ઉલ્લેખ કરે છે. અગ્નિ– 5 મિસાઈલ પર હમેશા ચીની મીડિયાનું ધ્યાન રહ્યું છે. કારણ કે 5000 કિલોમીટરની રેન્જ અને પરમાણુ ક્ષમતા ધરાવતી આ મિસાઈલ તેની શ્રેણીમાં અનેક ચીની શહેરોને આવરી શકે છે.

➤ **શ્રી મોઈન અલીની ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ**

ઈંગ્લેન્ડના અનુભવી ઓલરાઉન્ડર બોલર શ્રી મોઈન અલીએ તાજેતરમાં ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી છે. મોઈન અલી હવે વન ડે અને T-20 મેચ જ રમશે. શ્રી મોઈન અલી ઈંગ્લેન્ડના પ્રસિધ્ધ ઓફ–સ્પિનર બોલર તથા ઓલરાઉન્ડર બેટ્સમેન છે. શ્રી મોઈન અલીએ 64 ટેસ્ટમાં 28.29ની સરેરાશથી 2914 રન બનાવ્યા હતા અને તેમણે 36.66ની સરેરાશથી ટેસ્ટ ક્રિકેટમાં 195 વિકેટ પણ હાંસલ કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ICE ? Questions

- ગાંધીનગરમાં ________ યુનિવર્સિટીમાં સ્કૂલ ઓફ લો ફોરેન્સિક જસ્ટીસ એન્ડ પોલીસી સ્ટડિઝનો પ્રારંભ થયો છે. – નેશનલ ફોરેન્સિક સાયન્સ
- તાજેતરમાં કયા સ્થળે ગુજરાત ટ્રાવેલ એન્ડ ટુરિઝમ એવોર્ડ– 2020નો ભવ્ય સમારોહ યોજાયો હતો ? – ગાંધીનગર
- પ્રધાનમંત્રી સહજ બીજલી હરઘર યોજના (સૌભાગ્ય યોજનાએ) તાજેતરમાં તેના અમલીકરણના કેટલા વર્ષ પૂર્ણ કર્યા છે ? – 4 વર્ષ
- તાજેતરમાં ચીને ભારતની કઈ મિસાઈલ પ્રોજેક્ટ પર સવાલ ઉઠાવ્યા હતા ? – અગ્નિ–5
- meghEA નામનો પ્રોજેક્ટ કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ? – મેઘાલય
- તાજેતરમાં કોણે 'સેન્ટર ઓફ એક્સેલન્સ ઓન ક્વોન્ટમ ટેક્નોલોજી'ની સ્થાપના કરી છે ? – IIT દિલ્હી
- નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી સ્થાપના દિવસ કયા દિવસે ઉજવવામાં આવ્યો હતો ? – 27 સપ્ટેમ્બર
- તાજેતરમાં શ્રી મોઈન અલીએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી છે. તે કયા દેશના ઓલરાઉન્ડર ક્રિકેટર છે ? – ઈંગ્લેન્ડ
- તાજેતરમાં 'ઈઝ ઓફ લોજિસ્ટિક પોર્ટલ' કોણે લોન્ચ કર્યુ હતું ? – શ્રી પિયુષ ગોયલ
- તાજેતરમાં કોણે પાક ઉચ્છેર માટે લોન યોજનાની મંજૂરી આપી છે ? – નાબાર્ડ
- તાજેતરમાં શ્રી શિવાજી ગણેશનની કેટલામી જન્મજયંતિ નિમિત્તે ગુગલે તેના ડૂડલ દ્વારા શ્રધ્ધાંજલી આપી હતી ? – 93મી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®




# Question Of this Week

1. કઈ સંસ્થાએ AC001 નામના ઈલેક્ટ્રિક વાહનો માટે સ્વદેશી ચાર્જર વિકસાવ્યા છે ? – ARAI
2. કયા રાજ્યએ તાજેતરમાં ઓનલાઈન 'ગેમ્સ ઓફ ચાન્સ' પર પ્રતિબંધ મુકવા માટે બિલ પસાર કર્યુ છે ?– કર્ણાટક
3. ભારતની કઈ ટેક્નોલોજી પહેલએ 'Best use of Digital Technology' શ્રેણી હેઠળ CIPS Excellence in Procurement Award 2021 જીત્યો છે ? – Gem
(ભારત સરકારની ઈ–માર્કેટપ્લેસ (Gem) પહેલને 'Best use of Digital Technology' શ્રેણી હેઠળ CIPS Excellence in Procurement Awards 2021ના વિજેતા તરીકે પંસદ કરવામાં આવી છે. આ એવોર્ડ સમારોહ યુનાઈટેડ કિંગ્ડમના લંડન ખાતે યોજાયો હતો.)
4. કયા મંત્રાલયે ભારતીય સ્ટાર્ટ–અપ્સ અને ઉદ્યોગસાહસિકો માટે 'પ્લેનેટેરિયમ ઈનોવેશન ચેલેન્જ' શરૂ કરી છે ? – ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રાલય
5. '2021 ગ્લોબલ ગોલકીપર એવોર્ડ' કોને આપવામાં આવ્યો છે ? – ફૂમઝિલે મલામ્બો–એનગુકા
(બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન 2021ના ગ્લોબલ ગોલકીપર એવોર્ડના વિજેતા તરીકે યુનાઈટેડ નેશન્સના ભૂતપૂર્વ મહાસચિવ અને યુએન વુમનના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ફૂમઝિલે મલામ્બો એનગુકાના નામની જાહેરાત કરી છે.)
6. કઈ સંસ્થા અથવા મંત્રાલય ભારતમાં 'ડિજિટલ સ્કાય' પ્લેટફોર્મ ચલાવે છે ? – નાગરિક ઉડ્ડયન મંત્રાલય
7. સૈન્ય એન્જિનિયરિંગ સેવા દિવસ તરીકે કયો દિવસ ઉજવવામાં આવે છે ? – 26 ડિસેમ્બર
8. 26 સપ્ટેમ્બર, 2021ના રોજ સમાજ સુધારક અને શિક્ષણશાસ્ત્રી શ્રી ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની કેટલામી જન્મજયંતિ દેશભરમાં ઉજાવવામાં આવી હતી ? – 201મી
9. વિશ્વ ફાર્માસિસ્ટ દિવસ તરીકે કયો દિવસ ઉજવાય છે ? – 25 સપ્ટેમ્બર
10. તાજેતરમાં સમાચારમાં રહેલ સુશ્રી જ્યોતિ સુરેખા વેન્નમ કઈ રમત સાથે સંકળાયેલ છે ? – તીરંદાજી
11. ન્યૂયોર્કમાં યોજાયેલી માહિતી અને લોકશાહી સમિટમાં ભારતનું પ્રતિનિધિત્વ કોણે કર્યુ હતું ? – શ્રી અનુરાગ ઠાકુર
12. તાજેતરમાં ચર્ચામાં રહેલ લાસ્કર–ડેબેકી પુરસ્કાર કયા ક્ષેત્ર સાથે સંબંધિત છે ? – વિજ્ઞાન
13. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'તાઈ અહોમ અને મટક' સમુદાયો કયા રાજ્યમાં અનુસૂચિત જન જાતિનો દરજ્જો માગે છે ? – આસામ
14. ICRAએ નાણાકીય વર્ષ 2022 માટે ભારત માટે તેની વાસ્તવિક GDP વૃધ્ધિની આગાહીમાં સુધારો કર્યો છે. તેનો GDP અંદાજ 8.5% થી બદલીને ________ કરવામાં આવ્યો છે. – 9%

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

15. ચીન પછી દુબઈનો બીજો સૌથી મોટો વેપારી ભાગીદાર તરીકે કયો દેશ ઉભરી આવ્યો છે ? – ભારત

16. તાજેતરમાં દિલ્હી સરકારે લોન્ચ કરેલી ટુરિઝમ એપનું નામ શું છે ? – દેખો મેરી દિલ્હી

17. ત્રિમાસિક રોજગાર સર્વેક્ષણ દેશના કેટલા ક્ષેત્રોની રોજગાર અને સંબંધિત માહિતી પૂરી પાડે છે ? – 9

(કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવે શ્રમ બ્યુરો દ્વારા તૈયાર કરાયેલા 2021-22ના પ્રથમ ત્રિમાસિક ગાળા માટે ત્રિમાસિક રોજગાર સર્વે (QES) બહાર પાડ્યો છે. આ સર્વેક્ષણ દેશના 9 પસંદગીના ક્ષેત્રમાં રોજગારીની માહિતી પૂરી પાડે છે. આ 9 ક્ષેત્રોમાં ઉત્પાદન, બાંધકામ, વેપાર, પરિવહન, શિક્ષણ, આરોગ્ય, આવાસ અને રેસ્ટોરન્ટસ, IT/BPO અને નણાકીય સંવાઓનો સમાવેશ થાય છે.)

18. તાજેતરમાં કઈ સ્પેસ એજન્સીએ 'લેન્ડસેટ– 9' નામનો સેટેલાઈટ લોન્ચ કર્યો છે ? – નાસા

(તાજેતરમાં નાસાએ કેલિફોર્નિયાના વેન્ડેનબર્ગ સ્પેસ ફોર્સ બેઝ પરથી અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ લોન્ચ કર્યો છે. આ સેટેલાઈટને 'લેન્ડસેટ– 9' નામ આપવામાં આવ્યું છે. નોંધનીય છે કે આ ઉપગ્રહ નાસા અને યુએસ જીઓલોજીકલ સર્વેનું સંયુક્ત મિશન છે.)

19. તાજેતરમાં ઈંગ્લેન્ડના એક ખેલાડી શ્રી રોજર હંટનું નિધન થયું છે. તે કઈ રમત સાથે સંકળાયેલ હતા ? – ફૂટબોલ

20. કઈ કંપનીએ 'ફ્યુચર એન્જિનિયર પ્રોગ્રામ' શરૂ કર્યો છે ? – એમેઝોન

21. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ______ખાતે 'સેન્ટ્રલ ઈન્સ્ટિટયૂટ ઓફ પેટ્રોકેમિકલ્સ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી' (CIPET)નું ઉદ્દઘાટન વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કર્યુ હતું. – જયપુર

22. 'લુસી મિશન' (Lucy Mission) જે તાજેતરમાં ચર્ચામાં હતું. તે કઈ સ્પેસ એજન્સી સાથે સંકળાયેલું છે ? – નાસા

23. કઈ ટેક્નોલોજી કંપનીએ ભારતમાં 'Creator Education Programme' લોન્ચ કર્યુ છે ? – ફેસબુક

24. ઈમ્ફાલના જવાહરલાલ નહેરૂ મણિપુર ડાન્સ એકેડેમી (JNMDA)ના પેવેલિયનમાં 30 સપ્ટેમ્બર, 2021થી કયો ઉત્સવ શરૂ થયો છે ? – નાટ સંકિર્તન

25. તાજેતરમાં કઈ ભારતીય મહિલા ક્રિકેટર પિંક બોલ ટેસ્ટમાં સદી ફટકારનાર પ્રથમ મહિલા ખેલાડી બન્યા છે ? – સુશ્રી સ્મૃતિ મંધાના

26. શ્રી ફિલકર રુપિન્દર અને શ્રી બીરેન્દ્ર લાકરા કઈ રમત સાથે સંકળાયેલા છે ? – હોકી

(તાજેતરમાં ભારતીય હોકી ટીમના ખેલાડી શ્રી ફિલકર રુપિન્દર અને શ્રી બીરેન્દ્ર લાકરાએ ઈન્ટરનેશનલ હોકીમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી હતી.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT